સુવિચાર

શિક્ષણ આજીવિકાના સાધન તરીકે
હોય તો કલા છે, જીવનવિકાસ માટે
હોય તો વિદ્યા છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક





તાલાલાનાં ગુંદરણ ગીર ગામની સીમમાં એસએમસી ત્રાટકીઃ ૧૩ જુગારીઓની ધરપકડ P-4



Year-16, Issue-240 ■ DATE : 23-01-2026 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# અમદાવાદની ૧૫ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી


## ધમકી ભર્યા મેલમાં મોદી-શાહને ખાલિસ્તાનના દુશ્મન ગણાવ્યાઃ તંત્રમાં દોડધામ, વાલીઓમાં ચિંતાઃ ધમકી મળ્યા બાદ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ સ્કૂલે પહોંચી












**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદ શહેરની જાણીતી સ્કૂલોને આજે વહેલી સવારે ઈમેલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. જેમાં સંત કબીર સ્કૂલની ૩ બ્રાન્ચ, બોપલમા આવેલી ડીપીએસ નવરંગપુરાની સેન્ટ ઝેવિયર્સ લોયોલા, ઘાટલોડિયાની કેલોરેક્ષ સ્કૂલ, વસ્ત્રાપુરની સ્વયંમ સ્કૂલ અને એપલ ગ્લોબલ સ્કૂલને નિશાન બનાવીને આ ધમકીભર્યો ઈમેલ મોકલવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ તાત્કાલિક પોલીસ, બોમ્બ સ્કવોડ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમો કાર્યરત થઈ ગઈ છે. આ ધમકીભર્યા મેલમાં લખ્યું કે, 'મોદી-શાહ ખાલિસ્તાનના દુશ્મન, તમારા બાળકોને બચાવી લો'

મળતી માહિતી અનુસાર, આજે સવારે અમદાવાદની સંત કબીર સ્કૂલની ૩ બ્રાન્ચ, બોપલમા આવેલી ડીપીએસ નવરંગપુરાની સેન્ટ ઝેવિયર્સ લોયોલા, ઘાટલોડિયાની કેલોરેક્ષ સ્કૂલ તથા વસ્ત્રાપુરની સ્વયંમ સ્કૂલ શરૂ થયાના ગણતરીના સમયમાં જ સ્કૂલ વહીવટી તંત્રને બોમ્બ અંગેનો ઈમેલ મળ્યો હતો. સ્કૂલ મેનેજમેન્ટે વિલંબ કર્યા વગર તુરંત જ પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરી હતી. ધમકી મળતા જ સાવચેતીના ભાગરૂપે બંને સ્કૂલ દ્વારા વાલીઓને મેસેજ અને ફોન દ્વારા તાત્કાલિક જાણ કરવામાં આવી હતી કે તેઓ પોતાના બાળકોને ઘરે લઈ જાય. અચાનક શાળાએથી તેડવા માટેનો મેસેજ મળતા જ વાલીઓ મોટી સંખ્યામાં સ્કૂલએ પહોંચ્યા હતા.

બોપલમાં આવેલી સ્કૂલ દ્વારા વાલીઓને મેસેજ દ્વારા જાણ કરવામાં આવી હતી કે, તમારા બાળકને લઈ જાવ. આ પછી વાલીઓ અહીં પહોંચતા સંમતિ ફોર્મ ભરવામાં આવ્યું હતું અને વાલીઓ અહીં હેરાન થયા હતા. બોમ્બ મળ્યાની ધમકી હોવા છતાં આ રીતની કાર્યવાહીથી વાલીઓ પણ પેનિકમાં આવી ગયા હતા.

ધમકી મળ્યા બાદ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ બંને સ્કૂલ પર પહોંચી હતી. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને ડોગ સ્કવોડની મદદથી સ્કૂલના કલાસરૂમ, મેદાન અને લોબીમાં તપાસ હાથ ધરવામાં આવી છે

# યુરોપીયન બજારોમાં ભારતની નિકાસ મોંઘી બનશે

## મુકત વ્યાપાર કરાર પુર્વે જ આંચકો આપતુ યુરોપીયન સંઘ



**મુખ્ય સમાચાર, લંડન**

એક તરફ અમેરિકાએ ભારત પર લાદેલા ૫૦% ટેરિફ અંગે હજુ બન્ને દેશો વચ્ચે 'સમાધાન' અને અમેરિકી ટેરિફ નજીકના ભવિષ્યમાં ઘટે તેવી કોઈ સંભાવના નજરે ચડતી નથી તે વચ્ચે ભારતના નિકાસકારોને વધુ એક આંચકો લાગ્યો છે અને સૌથી વધુ આશા છે તે યુરોપીયન બજારોમાં ભારતની નિકાસ મોંઘી બનશે.

યુરોપીયન યુનિયન જેની સાથે ભારત 'મધર ઓફ ઓલ ડીલ' જેવા વ્યાપાર કરાર આગામી દિવસોમાં થઈ રહ્યું છે તે પુર્વે તા.૧ જાન્યુ.થી યુરોપીયન યુનિયનનો કાર્બન ટેક્ષ તો અમલી બની જ ગયો છે અને હવે યુરોપીયન યુનિયને ભારત સાથેના જનરલાઈઝ સ્કીમ ઓફ પ્રેફરેસેઝના લાભો ભારતીય નિકાસકારોને મળતા હતા તે રદ કરી દીધા છે જે ભારતના નિકાસક્ષેત્ર માટે મોટો આંચકો છે અને ભારતથી થતી ૮૭% નિકાસને આ અસર થશે.

આ વ્યવસ્થા સસ્પેન્ડ કરવાથી ભારતના ગાર્મેન્ટ ખનીજ ઉત્પાદન, ઓર્ગેનીક અને કેમીકલ ઉત્પાદન, પ્લાસ્ટીક અને તેનો સામાન રબ્બર અને તેના ઉત્પાદનો કિંમતી પત્થર (ડાયમંડ) પ્લાસ્ટર- સિમેન્ટ એસ્બેરલ સિરામીક ઉત્પાદક, કાચ, મોતી અને સોના-ચાંદી જવેલરી મીકેનીકલ, ઈલેકટ્રીક સાધનો અને તેના સ્પેરપાર્ટસ, રેલવેના ઉપકરણો, વિમાન અને જહાજી સ્પેરપાર્ટસ ને અસર થશે.

જો એક જ દ્રષ્ટાંત લેવામાં આવે તો જે માર્જીન માફ પ્રેફરન્સ હેઠળ ટેક્ષટાઈલ-કપડા ૯-૬% ટેરીફ લાગતુ હતુ તે હવે ૧૨% લાગશે. અગાઉ જ કાર્બન બોર્ડર એડજેસ્ટમેન્ટ મીકેનીઝમ હેઠળ કાર્બન ટેક્ષ નકકી કર્યો છે તે લોખંડ-એલ્યુમીનીયમ નિકાસ મોંઘી બનાવશે. ભારતમાં ખાસ કરીને રોજગારી આપતા ક્ષેત્રોને આ નવી વ્યવસ્થાથી ફટકો પડશે.

જયારે ફકત ૧૩% નિકાસ હિસ્સો ધરાવતા કૃષી, ખાદ્ય પદાર્થ, લેધર ગુડસ, લાકડા, કાગળ, ફુટવેર, ઓપ્ટીકલ, મેડીકલ સાધનો તથા હેન્ડીક્રાફટને જ હવે ઘટાડેલા દરનો ચાલુ રહેશે. ૨૦૨૪/૨૫માં ભારત અને યુરોપીયન યુનિયન ૧૩૬.૫૩ બીલીયન ડોલર એટલે કે અંદાજે રૂા.૧૨.૪૯ લાખ કરોડનો જે વ્યાપાર છે. દેશના કુલ નિકાસના ૧૭% યુરોપીયન બજારોમાં મળે છે.

હવે તેના પરનો લાભ ૨૦૨૮ ખત્મ થયો છે. જયારે ભારત અને યુરોપીયન યુનિયન વચ્ચે જે મુક્ત વ્યાપાર કરાર થનાર છે તે ૧ વર્ષ પછી લાગુ થશે તે પછી પણ ટેરીફ વ્યવસ્થા અંગે પ્રશ્ન ઉઠયા છે.

# ઈરાન પર હુમલાની તૈયારી કરતું અમેરિકા

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

યુએસ નેવીનો એક કાફલો ખાડી તરફ આગળ વધી રહ્યો છે, જેના કારણે ઈરાન સામે અમેરિકાની કાર્યવાહીનો ભય વધી રહ્યો છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ખાડી તરફ કાફલાની ગતિવિધિની પુષ્ટિ કરી છે. ગયા અઠવાડિયે, ટ્રમ્પે ઈરાન સામે લશ્કરી કાર્યવાહીની શક્યતાને ઓછી ગણાવી હતી, જ્યારે વ્હાઈટ હાઉસે કહ્યું હતું કે તેહરાને વિરોધીઓને ફાંસી આપવાની યોજના અટકાવી દીધી છે. જોકે, રાષ્ટ્રપતિએ ગુરુવારે લશ્કરી તૈયારીઓની પુષ્ટિ કરી હતી. વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાંથી પાછા ફરતા, ટ્રમ્પે એર ફોર્સ વન પર પત્રકારોને કહ્યું, અમે ઈરાન પર નજર રાખી રહ્યા છીએ. દાવોસથી પરત ફરતી વખતે એરફોર્સ વન પર પત્રકારો સાથે વાત કરતા, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને કડક ચેતવણી આપી. ટ્રમ્પે દાવો કર્યો હતો કે એક મોટો યુએસ નૌકાદળનો કાફલો ઈરાન તરફ આગળ વધી રહ્યો છે. ઈરાનને ચેતવણી આપતા ટ્રમ્પે કહ્યુ કે યુએસ તેની પ્રવૃત્તિઓ પર નજીકથી નજર રાખી રહ્યું છે અને એક મોટો યુએસ નૌકાદળનો કાફલો તે દિશામાં આગળ વધી રહ્યો છે અને અમે જોઈશું કે શું થાય છે. જોકે, તેમણે સ્પષ્ટતા કરી કે તેઓ યુદ્ધ ઈચ્છતા નથી અને બળનો ઉપયોગ અંતિમ ઉપાય હશે. જોકે, ટ્રમ્પની આ ચેતવણી પછી, ઈરાન સામે યુએસ કાર્યવાહી (યુદ્ધ) નો ભય વધી ગયો છે. ટ્રમ્પે કહ્યું, ઈરાન પર નજર રાખી રહ્યા છીએ. રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું, તમે જાણો છો, અમારી પાસે તે દિશામાં ઘણા બધા જહાજો છે. અમારી પાસે એક મોટી સેના ઈરાન તરફ જઈ રહી છે. તેમણે ઉમેર્યું, હું કંઈ થાય તેવું ઈચ્છતો નથી, પરંતુ અમે તેમના પર ખૂબ નજીકથી નજર રાખી રહ્યા છીએ. યુએસ પ્રમુખે તેને એક વિશાળ કાફલો ગણાવ્યો પરંતુ ઉમેર્યું, આપણે તેનો ઉપયોગ ન કરવો પડે.

# સોના-ચાંદીમાં ફરી તેજીઃ સોનુ ૧.૬૨ લાખની નવી ટોચે



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

સોના-ચાંદીમાં ઉથલ પાથલ વચ્ચે કડાકો સર્જાયા બાદ આજે ફરી વખત ધરખમ તેજી સાથે ભાવ અત્યાર સુધીની સર્વોચ્ચ-ઐતિહાસિક સપાટીએ પહોંચી ગયા હતા. રાજકોટમાં આજે હાજર સોનુ ૧૬૧૮૫૦ હતું જે અત્યાર સુધીનો સૌથી ઉંચો ભાવ છે. ગઈકાલની સરખામણીએ અંદાજીત ૫૦૦૦નો ઉછાળો હતો. વિશ્વ બજારમાં ૪૯૫૬નો ઐતિહાસિક ભાવ હતો. જ્યારે કોમોડીટી એક્સચેંજમાં સોનુ ૧૫૮૦૧૦ સાંપડ્યું હતું.

રાજકોટમાં હાજર ચાંદી ૩૩૫૫૦૦ની નવી ઉંચાઈએ પહોંચી હતી. ૨૩૦૦૦નો ઉછાળો હતો. કોમોડીટી એક્સચેંજમાં ૩૩૪૭૮૦નો ભાવ હતો. વિશ્વ બજારમાં ભાવ ૯૮.૬૬ ડોલર થયો હતો.

વેપારીઓના કહેવા પ્રમાણે ગઈરાતથી જ વર્લ્ડ માર્કેટમાં તેજીનો વળાંક આવી ગયો હતો. આજે ભાવ વધુ સળગ્યા હતા. ટ્રમ્પે ઈરાન તરફ સૌથી ખતરનાક યુધ્ધજહાજ મોકલતા નવા યુધ્ધના ભણકારા શરૂ થયા હતા અને તેની અસરે તેજી થઈ હતી.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં અનેક સ્થળોએ હવામાનમાં પલ્ટો



## ઠંડી ઘટતા સવારથી વાતાવરણ બન્યું વાદળીયુંઃ કચ્છ અને મહેસાણામાં કમોસમી વરસાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હવામાન વિભાગની માવઠાની આગાહી અનુસાર આજે સવારથી રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં અનેક સ્થળોએ ફરી હવામાન પલ્ટો સર્જાયો હતો અને વાદળીયા હવામાન વચ્ચે ઠંડો પવન ફુંકાયો હતો. જોકે સવારનું તાપમાન સામાન્ય રહેવા પામ્યું હતું.

આજે માવઠાની આગાહીનાં પગલે કચ્છ અને ઉત્તર ગુજરાત સહિતના કેટલાક વિસ્તારોમાં હવામાન વિભાગની આગાહી પગલે ભરશિયાળે કમોસમી વરસાદ થયો હતો. ૨૨ જાન્યુઆરી સાંજે-રાત્રિની સમયે કચ્છ-મહેસાણા જિલ્લામાં હવામાનમાં પલટો આવ્યો માવઠું પડ્યું. રાજ્યમાં કમોસમી વરસાદના કારણે ખેડૂતોના પાકને નુકસાનની ભીતી છે.

હવામાન વિભાગની આગાહીને પગલે આજે ગુરુવારે કચ્છના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો છે. જેમાં નારાયણ સરોવર, વર્માનગર, ગુહર સહિતના વિસ્તારોમાં માવઠું થયું છે. આમ, પાકિસ્તાન ઉપર સર્જાયેલા કોલ્ડ ફ્રન્ટ કચ્છ તરફ આવતા વરસાદી માહોલ છવાયો છે. કમોસમી વરસાદના કારણે ઠંડીએ જોર પકડયું હતું.

કમોસમી વરસાદને પગલે કચ્છના મુખ્ય પાક એરંડાને વ્યાપક નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ખેતરોમાં તૈયાર થયેલો પાક પલળવાને કારણે ખેડૂતોની આર્થિક ચિંતામાં વધારો થયો છે. બનાસકાંઠા, પાટણ સહિત ગઈકાલે સાંજના સમયે અચાનક વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. શહેરની કેટલીક જગ્યાએ અચાનક કમોસમી વરસાદ વરસ્યો હતો.

કમોસમી વરસાદના કારણે ખેડૂતોના રવિ પાકને નુકસાન પહોંચ્યું હોવાની શક્યતા છે.

મળતી વિગતો અનુસાર, લખપત તાલુકાના આ વિસ્તારોમાં ઝાપટા અને હળવા વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક અને ભેજ વધ્યો છે. આ કમોસમી વરસાદ ખેડૂતો માટે ચિંતાનું કારણ બન્યો છે, કારણ કે રવિ પાક અને ખેતીની તૈયારીઓને નુકસાન પહોંચવાની શક્યતા છે. ભરશિયાળે આવેલા આ વરસાદથી ખેડૂતોને પાકના નુકસાનની ભીતિ છે, ખાસ કરીને જીરું અને અન્ય શિયાળુ પાકને અસર થઈ શકે છે.

કચ્છના આ વિસ્તારોમાં સામાન્ય રીતે શિયાળામાં વરસાદ ઓછો પડે છે, પરંતુ પશ્ચિમી વિક્ષોભના પ્રભાવથી કમોસમી વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, આવનારા દિવસોમાં પણ કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ પડી શકે છે. આ વરસાદથી લોકોને ઠંડક તો મળી છે, પરંતુ ખેડૂતો અને માલધારીઓમાં ચિંતા વધી ગઈ છે.

દરમ્યાન આજે સૌરાષ્ટ્રમાંથી મળતા અહેવાલો મુજબ રાજકોટ, ભાવનગર, જુનાગઢ, સુરેન્દ્રનગરમાં સવારથી ધૂપછાવ ભર્યો માહોલ છવાયો છે. તડકા-છાંયડા વચ્ચે સૂર્યદેવતા વાદળો સાથે સંતાકુકડી રમી રહ્યા છે.

જયારે આજરોજ સવારે રાજકોટમાં ૧૭.૨ ડીગ્રી, નલીયામાં ૧૨, પોરબંદરમાં ૧૬.૨, વેરાવળમાં ૧૮.૨, સુરતમાં ૧૮.૪, ઓખામાં ૧૬, તથા અમરેલીમાં ૧૪.૮, અમદાવાદમાં ૧૭.૮ અને અમરેલીમાં ૧૪.૮, વડોદરામાં ૧૭.૮, ભાવનગરમાં ૧૬.૪, તેમજ ભુજમાં ૧૪, ડીસામાં ૧૪.૫, દિવમાં ૧૫.૮ તથા દ્વારકામાં ૧૭.૧, ગાંધીનગરમાં ૧૫ અને કંડલા ખાતે ૧૭.૫ ડીગ્રી, લઘુતમ તાપમાન નોંધાયું હતું.

# ટ્રમ્પના રાજમાં નરકનો અનુભવઃ ૫ વર્ષના બાળકને કસ્ટડીમાં લીધો

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકામાં સ્કુલમાંથી ફેડરલ એજન્ટ એક પાંચ વર્ષના બાળકને તેના પિતાની સાથે ડિટેન્શન સેન્ટર લઈ ગયા હતા. સ્કુલના અધિકારીઓનું કહેવું છે કે, આવું પહેલીવાર નથી થયું. જયારે ઈમીગ્રેશન એજન્ટસે કોઈ પાંચ વર્ષના બાળકને કસ્ટડીમાં લીધો હોય, આ બાળક મિનિયોપોલીસના પોતાના સબર્બનો ચોથો સ્ટુડન્ટ બન્યો છે જેને હાલના સપ્તાહમાં ઈમીગ્રેશન એજન્ટસે કસ્ટડીમાં લીધો છે.



આ મામલે અમેરિકાના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસે પણ પાંચ વર્ષના બાળકને ડિટેન કરવા સામે વાંધો ઉઠાવ્યો છે. તેમણે સોશિયલ મીડિયા એકસ પર લખ્યું છે- લિયામ રામોસ તો બસ એક બાળક છે, તેને તેને તેના પરિવાર સાથે ઘર પર હોવું જોઈએ, નહી કે આઈસીઈથી તેનો ઉપયોગ કરવામાં આવે અને તેને ટેકસાસના ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવે, હું ખુબ ગુસ્સામાં છું, તમને લોકોને પણ ગુસ્સો આવવો જોઈએ.

બીજી બાજુ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિકયોરીટીના પ્રવકતા ટ્રિશિયા મેકલગ્લિએ એક નિવેદનમાં કહ્યું છે કે આઈસીઈએ કોઈ બાળકને ટાર્ગેટ નથી કર્યું. ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ બાળકના પિતા એડ્રિયન એલેકઝાન્ડર કોનેજો એરિયસની ધરપકડ કરવા ગયા હતા, જે ઈકવાડોરનો છે અને અમેરિકામાં ગેરકાયદે રહેતો હતો તે પોતાના બાળકને છોડીને ભાગી ગયો હતો.

મકલગ્લિને કહ્યું હતું કે, અમારા આઈસીઈ અધિકારીઓમાંથી એક બાળકની સાથે રહ્યો, જયારે બીજા અધિકારીએ કોનેજો એરિયસની ધરપકડ કરી. માતા-પિતાને એ વિકલ્પ આપવામાં આવે છે કે તે પોતાના બાળકની સાથે રહે કે તેમને તેમની પસંદની વ્યકિતની પાસે રખાય.

# વિજળી મોંઘી થવાની સંભાવનાઃ સરકારે ડ્રાફ્ટ જાહેર કર્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકારે ભવિષ્ય માટે વીજળી ક્ષેત્રને તૈયાર કરવાનો હેતુ રાષ્ટ્રીય વીજળી નીતિ ૨૦૨૬નો ડ્રાફ્ટ બહાર પાડ્યો છે. તેનો ઉદ્દેશ્ય દેશને આર્થિક રીતે મજબૂત, પર્યાવરણને અનુકૂળ અને વિશ્વસનીય વીજ વ્યવસ્થા પૂરી પાડવાનો છે. સરકારે જણાવ્યું હતું કે આ ડ્રાફ્ટ પર તમામ હિસ્સેદારો પાસેથી સૂચનો માંગવામાં આવ્યા છે. આ ડ્રાફ્ટ કોલસા આધારિત થર્મલ પાવરના સંભવિત વિકલ્પ તરીકે પરમાણુ ઊર્જા પર ભાર મૂકે છે. નોંધનીય છે કે, સરકારે દેશના પરમાણુ ક્ષેત્રને ખાનગી કંપનીઓ માટે ખોલવા માટે શાંતિ કાયદો ઘડ્યા પછી આ ડ્રાફ્ટ આવ્યો છે. નવો ડ્રાફ્ટ રાષ્ટ્રીય વીજળી નીતિ ભવિષ્યની વીજળી નીતિમાં પરિવર્તનનો સ્પષ્ટ સંકેત આપે છે.

સરકાર જણાવે છે કે આ ડ્રાફ્ટનો હેતુ દેશને આર્થિક રીતે મજબૂત, પર્યાવરણને અનુકૂળ અને વિશ્વસનીય વીજળી વ્યવસ્થા પૂરી પાડવાનો છે. જોકે, સામાન્ય માણસની વાત કરીએ તો, તેમના માટે સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું ભવિષ્યમાં વીજળી વધુ મોંઘી થશે. શું સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી વર્તમાન મફત વીજળી યોજનાને અસર થશે? જ્યારે ડ્રાફ્ટ આ પ્રશ્નોના સીધા જવાબ આપતો નથી, તે ચોક્કસપણે ભવિષ્યનો દ્રષ્ટિકોણ પ્રદાન કરી શકે છે.

ડ્રાફ્ટના મુખ્ય મુદ્દાઓની સમીક્ષામાં ઘણા મુખ્ય મુદ્દાઓ ઉજાગર થાય છે. સરકારે વીજળી વિતરણ કંપનીઓના નુકસાનને ઘટાડવા પર ભાર મૂક્યો છે અને પરમાણુ ઊર્જા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું પણ જણાવ્યું છે. પરિણામે, ખર્ચમાં વધારો અનિવાર્ય છે. વધુમાં, તે વીજળીના દરો અથવા ટેરિફને યોગ્ય સૂચકાંક સાથે જોડવાનો પ્રસ્તાવ મૂકે છે, જે વાર્ષિક સુધારા માટે પરવાનગી આપે છે. ડ્રાફ્ટમાં નિતિ ખર્ચને આવરી લેવા માટે ડિમાન્ડ ચાર્જ લાદવાનો પણ પ્રસ્તાવ છે.

એકવાર અંતિમ સ્વરૂપ મળ્યા પછી, આ નવી નીતિ ૨૦૦૫ માં ઘડવામાં આવેલી હાલની NEPને બદલશે.

આ નીતિ હેઠળ, સરકાર ૨૦૩૦ સુધીમાં પ્રતિ વ્યક્તિ વીજળી વપરાશ ૨,૦૦૦ યુનિટ (કિલોવોટ-કલાક) અને ૨૦૪૭ સુધીમાં ૪,૦૦૦ યુનિટથી વધુ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.

ડ્રાફ્ટ નીતિ ૨૦૨૬ અનુસાર, ડિસ્કોમ અને SLDC સમયસર વીજળીની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે રાજ્ય સ્તરે રિસોર્સ એડિક્વેસી યોજનાઓ તૈયાર કરશે. સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટી સમગ્ર દેશ માટે રાષ્ટ્રીય યોજના તૈયાર કરશે.


MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મોરબીમાં એક જ ફ્લેટના વેચાણ માટે બે સાટાખત કરનાર ચીટર પરિવારનો પર્દાફાશ, પોલીસમાં ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં કાયાજી પ્લોટમાં આવેલ આશુતોષ હાઈટ્સના એક જ ફ્લેટને અલગ-અલગ વ્યક્તિને વેચાણ માટે સાટાખત કરી OLX પર ફરી જાહેરાત મૂકીને છેતરપિંડી કર્યાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. ફ્લેટ ઉપર લોન હોવા છતાં છુપાવી રાખી બે લોકોને સાટાખત કરી નાણાકીય છેતરપિંડી કરવામાં આવી હોવાની ભોગ બનનાર દ્વારા ફરિયાદ નોંધાવતા સીટી એ ડિવિઝન પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

મોરબી શહેરમાં એક જ ફ્લેટને બે વખત વેચાણ માટે સાટાખત કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી કર્યાનો કિસ્સો સામે આવ્યો છે. આ અંગે મોરબી શહેરના ગ્રીન ચોક વિસ્તારમાં નાની હનમાન ડેરી ચુડાના ઉતારાવાળી શેરીમાં રહેતા વેપારી સુનિલકુમાર કુમુદચંદ્ર દોશી (ઉવ.૫૯ દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદ મુજબ આરોપી પાર્થ મુકેશભાઈ મહેતા, તેમના પિતા મુકેશભાઈ અંબાપ્રસાદ મહેતા અને માતા હીનાબેન મહેતા ત્રણેય રહે. આશુતોષ હાઈટ્સ, ફ્લેટ નં. ૧૦૧, કાયાજી પ્લોટ-૬, શનાળા રોડ, મોરબી દ્વારા છેતરપિંડી કરવામાં આવી છે, જેમાં તા. ૧૯/૦૬/૨૦૨૫ના રોજ આરોપી પાર્થ મહેતાએ OLX એપ્લિકેશન પર સેમી ફર્નીચર સાથેનો ફ્લેટ વેચાણની જાહેરાત મૂકેલી. જાહેરાત જોઈ ફરિયાદી તથા તેમના પુત્ર ભાવીનભાઈ ફ્લેટ જોવા ગયા હતા. આરોપીઓએ ફ્લેટ ઉપર કોઈ લોન કે ગીરો નથી તેવું ખોટું જણાવ્યા બાદ રૂ. ૪૧.૨૫ લાખમાં સોદો નક્કી કરી રૂ. ૧૧,૦૦૦ ટોકન રકમ લીધી હતી. ત્યારબાદ તા. ૨૭/૦૬/૨૦૨૫ના રોજ રોકડ અને ચેક મળી કુલ રૂ. ૧૩.૮૯ લાખ મેળવી ૩૦૦ રૂપિયાના સ્ટેમ્પ પર સાટાખત કરી આપવામાં આવ્યો હતો.

ત્રણ મહિનામાં દસ્તાવેજ કરવાની વાત બાદ સમય પસાર થવા છતાં દસ્તાવેજ ન થતાં ફરિયાદીએ તપાસ કરતાં જાણવા મળ્યું કે ફ્લેટ ઉપર કેપ્રી ગ્લોબલ ફાઈનાન્સમાંથી અંદાજે રૂ. ૩૨ લાખની લોન લેવામાં આવી છે. વધુ તપાસમાં ખુલ્યું કે આ જ ફ્લેટ અગાઉ ચેતનાબેન નરેશભાઈ જોષીને રૂ. ૪૭ લાખમાં વેચાણ માટે સાટાખત કરી રૂ. ૨૯ લાખ લેવાયા હતા. આટલું જ નહીં, હાલ પણ આરોપીઓ દ્વારા OLX એપ્લિકેશન પર ફરીથી ફ્લેટ વેચાણની જાહેરાત મૂકવામાં આવી હોવાનું બહાર આવ્યું છે. એક જ ફ્લેટને અલગ-અલગ લોકોને વેચાણ કરી ખોટી સાટાખત બનાવી નાણાકીય લાભ મેળવવા કરવામાં આવેલ કાવતરા માટે વિશ્વાસઘાત કર્યા અંગેની ફરિયાદને આધારે પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી રાષ્ટ્રીય માર્ગ સલામતિ માસ અંતર્ગત હેલ્મેટ વિતરણ અને જાગૃતિ અભિયાન

**મુખ્ય સમાચાર, મોરબી**

રાષ્ટ્રીય માર્ગ સલામતિ માસ-૨૦૨૬ની ઉજવણી અંતર્ગત મોરબી જીલ્લા પોલીસ દ્વારા નેશનલ હાઈવે પર હેલ્મેટ વિતરણ અને ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો. હેલ્મેટ પહેરનાર ટુ-વ્હીલર ચાલકોને ગુલાબનું ફૂલ આપી સન્માનિત કરવામાં આવ્યા અને માર્ગ સલામતિ અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. આ સાથે પોલીસ દ્વારા ભવિષ્યમાં પણ ટ્રાફિક નિયમોના કડક પાલનની અપીલ કરવામાં આવી છે.



મોરબી જીલ્લા પોલીસ દ્વારા રાષ્ટ્રીય માર્ગ સલામતિ માસ-૨૦૨૬ની ઉજવણી અંતર્ગત ટ્રાફિક નિયમોના અમલ અને વાહન અકસ્માતોમાં ઘટાડો લાવવાના હેતુસર વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવની સૂચના મુજબ તથા ટ્રાફિક નિયમોની અસરકારક અમલવારી માટે આજે તા. ૨૨/૦૧/૨૦૨૬ના રોજ મોરબી-વાંકાનેર નેશનલ હાઈવે ઉપર અલગ-અલગ સ્થળોએ આ અભિયાન યોજાયું હતું. આ કાર્યક્રમમાં પોલીસ અધિક્ષક મુકેશ પટેલ, નાયબ પોલીસ અધિક્ષક જે.એમ. આલ (મોરબી વિભાગ), નાયબ પોલીસ અધિક્ષક એસ.એચ. સારડા (વાંકાનેર વિભાગ), ટ્રાફિક શાખાના પીઆઇ એચ.વી. ધેલા, પીઆઇ વી.એન. પરમાર (બી ડીવી.), એસ.કે. ચારેલ (મોરબી તાલુકા), એચ.એ. જાડેજા (વાંકાનેર સીટી), બી.વી. પટેલ (વાંકાનેર તાલુકા) તેમજ મોરબી આર.ટી.ઓ અધિકારી તપનભાઈ મકવાણા સહિત પોલીસ સ્ટાફ હાજર રહ્યો હતો. નેશનલ હાઈવે ઉપર ટુ-વ્હીલર ચાલકો વધુમાં વધુ હેલ્મેટ પહેરે તે માટે હેલ્મેટ વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ બેનરો અને અવેરનેસ કાર્યક્રમ દ્વારા વાહન ચાલકોને માર્ગ સલામતિ અંગે સમજ આપવામાં આવી હતી. હેલ્મેટ પહેરીને નિયમોનું પાલન કરતા ટુ-વ્હીલર ચાલકોને ગુલાબનું ફૂલ આપી સન્માનિત કરવામાં આવ્યા, જેથી અન્ય લોકો પણ પ્રેરણા મેળવે.

મોરબી જીલ્લા પોલીસ દ્વારા આગામી સમયમાં પણ ટ્રાફિક નિયમોનું પાલન કરાવવા સતત પ્રયાસો ચાલુ રાખવાની સાથે, નેશનલ અને સ્ટેટ હાઈવે પર ટુ-વ્હીલર ચાલકોને હેલ્મેટ ફરજિયાત પહેરવા તથા ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર વાહન ચાલકોને સર્વિસ રોડનો વધુમાં વધુ ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ મોરબી જીલ્લાના નાગરિકોની સુરક્ષા અને માર્ગ અકસ્માતોમાં ઘટાડો લાવવાનો છે.

# જામનગર બેડી બંદર પર સીલ કરાયેલી ફેક્ટરીમાં બે સિક્યુરીટી ગાર્ડનો હાથફેરો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં બેડીબંદર રોડ પર આવેલી એક ફેક્ટરીને સીલ કરવામાં આવી હતી દરમ્યાનમાં આ બંધ ફેક્ટરીમાંથી ઈલેક્ટ્રીક મોટરો, વાયરો અને સ્ક્રેપનો સામાન મળીને આશરે ૭.૫૨ લાખનો મુદામાલ ચોરી કરી ગયાનું ધ્યાન પર આવતા આ મામલે બે સિક્યુરીટી ગાર્ડ સામે પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવી છે.જામનગરમાં દિગજામ સર્કલ વિસ્તાર ગ્રાન્ટ અપુર્વા એપાર્ટમેન્ટ ખાતે રહેતા અને જામનગરની સેન્ટ્રલ બેન્કના બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવતા સુનિલભાઈ બચુપ્રસાદ કૂર્મીએ જામનગરના સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ કરી જણાવ્યું છે કે બેડી બંદર રોડ પર આવેલી સિલ્વર પ્રેટેઇન પ્રા.લી. નામની ફેક્ટરીને બેન્ક દ્વારા સિલ કરાઈ હતી, જેમાંથી રૂપિયા સાડા સાત લાખની માલમત્તાની ચોરી કરી લઈ જવા અંગે એક ખાનગી સિક્યુરિટી પેઢીના બે સિક્યુરિટી ગાર્ડ નીતેશકુમાર બદ્રીપ્રસાદ, તેમજ દિપક શેરસિંઘ સામે ફરિયાદ નોંધાવી છે.જે બંને ગાર્ડ રાજસ્થાનના વતની છે, અને ઉપરોક્ત માલ સામાનની ચોરી કરી લઈ ગયાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે.

ફરિયાદી બ્રાન્ચ મેનેજર કે જેઓ દ્વારા બેડી બંદર રોડ પર આવેલી સિલ્વર પ્રોટેઇન પ્રાઈવેટ લિમિટેડ કંપનીની ફેક્ટરી કે જે લોન ભરપાઈ કરી ન હોવાથી બેંક દ્વારા સીલ કરવામાં આવી હતી, અને તેના ઉપર બે સિક્યુરિટી ગાર્ડને મૂકવામાં આવ્યા હતા. જે સીલ કરેલી ફેક્ટરીમાંથી ગત ૮મી જાન્યુઆરીના રાત્રિના સમયગાળા દરમિયાન ઉપરોક્ત બંને સિક્યુરિટી ગાર્ડ નીતેશ કુમાર તથા દિપક શેરસિંહ કે જેઓ અંદર રાખવામાં આવેલી ૧૨ નંગ ઈલેક્ટ્રીક મોટર, ટ્રાન્સફોર્મર, તેમજ લોખંડનો સ્ક્રેપનો માલ સામાન વગેરે રૂપિયા ૭,૫૨,૦૦૦ ની માલમતા ચોરી કરી ગયા હતા.તેથી આ મામલો સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો છે અને રાજસ્થાનના બંને સિક્યુરિટી ગાર્ડ સામે પોલીસે ગુનો નોંધી બંનેની શોધખોળ હાથ ધરી છે. પોલીસ દ્વારા સીસી કેમેરા ચેક કરવા સહિતની તપાસ લંબાવવામાં આવી છે.

# મોરબી જીઆઇડીસી નજીક કારમાંથી બે બિયરના ટીન સાથે પીધેલા બે પકડાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના શનાળા રોડ સ્થિત જીઆઈડીસીમાં પનારા પાન વાળી શેરીમાં કારમાંથી બે બિયરના ટીન તથા કારમાં સવાર ત્રણ ઈસમો પૈકી બે નશો કરેલી હાલતમાં પકડાયા હતા. આ સાથે પોલીસે કાર તથા બિયર સહિતનો મુદ્દામાલ જપ્ત કરી કાર ચાલક સહિત ત્રણેય આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન શનાળા રોડ જીઆઈડીસી પનારા પાન વાળી શેરીમાં આઈ-૧૦ કારમાં ત્રણ ઈસમો શંકાસ્પદ હાલતમાં બેઠા હોય અને કાર ચાલક આરોપી રાજભાઈ ઈશ્વરભાઈ કાલરીયા ઉવ.૨૪ રહે. રવાપર ચોકડી સાલીગ્રામ એપાર્ટમેન્ટ બ્લોક નં.૫૦૨ મોરબી વાળાના ખોળામાં બડવાઇઝર બિયર નંગ-૨ કિ.રૂ. ૨૪૦/- પડેલ હોય, જ્યારે કારની પાછળ બેઠેલ બે ઈસમો કિશનભાઈ રણેશભાઈ અજાણા ઉવ.૨૬ રહે.શનાળા રોડ હાઉસિંગ બોર્ડ બ્લોક નં. એમ-૫૫ તથા હાર્દિકભાઈ જીવાભાઈ મોરી ઉવ.૨૮ રહે.રબારીવાસ જેલ રોડ મોરબી વાળા નશો કરેલી હાલતમાં મળી આવ્યા હતા, જે બન્ને વિરુદ્ધ અલગથી કેસ કરવામાં આવ્યો હતો. હાલ મોરબી પોલીસે કાર તથા બિયર ટીન સહિત ૨,૦૦,૨૪૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ ત્રણેય આરોપીઓ સામે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી મનપાની ગાર્ડન શાખા દ્વારા સુવિધાયુક્ત ગાર્ડન પરિસર માટે વિકાસાત્મક કામગીરીનું આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની ગાર્ડન શાખા દ્વારા શહેરને વધુ હરિયાળું, સ્વચ્છ અને સૌંદર્યસભર બનાવવા વિવિધ વિકાસાત્મક કામગીરી હાથ ધરાઈ છે. નવા ગાર્ડનોના વિકાસ સાથે કેશરબાગ, સુરજબાગ અને શંકર આશ્રમ જેવા કાર્યરત ગાર્ડનોના નવીનીકરણની કામગીરી પ્રગતિ હેઠળ છે. શંકર આશ્રમ ખાતે સ્ટ્રોમ વોટર લાઈન અને કેશરબાગ ખાતે વોક-વેનું નિર્માણ શરૂ કરવામાં આવ્યું છે. આ કામગીરી પૂર્ણ થતાં નાગરિકોને વધુ સુવિધાયુક્ત અને આરોગ્યપ્રદ પર્યાવરણ મળશે.



મોરબી મહાનગરપાલિકાની ગાર્ડન શાખા દ્વારા શહેરના જાહેર ગાર્ડનોને વધુ સુવ્યવસ્થિત, સ્વચ્છ અને આકર્ષક બનાવવા વિકાસાત્મક આયોજન અમલમાં મુકાયું છે. આ સમગ્ર કામગીરીનું નિયમિત મોનીટરીંગ ગાર્ડન શાખાના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે, જેથી કામની ગુણવત્તા જળવાઈ રહે. આ આયોજન અંતર્ગત શહેરમાં નવા ગાર્ડનોના વિકાસ સાથે હાલ કાર્યરત કેશરબાગ, સુરજબાગ તથા શંકર આશ્રમ જેવા ગાર્ડનોના નવીનીકરણ અને સુધારણા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. શંકર આશ્રમ ખાતે સ્ટ્રોમ વોટર લાઈનની કામગીરી શરૂ કરવામાં આવી છે, જ્યારે કેશરબાગ ખાતે નાગરિકોને સુરક્ષિત વોક-વેનું નિર્માણ ચાલી રહ્યું છે. આ તમામ વિકાસાત્મક કામગીરી પૂર્ણ થયા બાદ નાગરિકોને સ્વચ્છ, આરોગ્યપ્રદ અને આનંદદાયક વાતાવરણ ઉપલબ્ધ થશે. જાહેર સુવિધાઓમાં ગુણવત્તાસભર સુધારો કરી નાગરિકોને વધુ સારા અને સુવિધાયુક્ત ગાર્ડન પરિસર આપવાનો મહાપાલિકાનો મુખ્ય ઉદ્દેશ્ય રહ્યો છે.

# જામનગર ખાતે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જિલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી જામનગર ખાતે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આવેલ ૧૦ પૈકી ૭ અરજીઓનો સ્થળ પર જ ત્વરિત નિકાલ કરી અરજદારોની સમસ્યા તથા પ્રશ્નોનું નિરાકરણ લવાયું હતું.જિલ્લા કલેકટર કચેરી ખાતે યોજાયેલ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ અરજદારોની સમસ્યાને જિલ્લા કલેક્ટરએ ધ્યાનપૂર્વક સાંભળી હતી. ઉપરાંત વિવિધ અરજદારોના પ્રશ્નો સંદર્ભે જે-તે વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી ચોક્કસ સમય મર્યાદામાં પ્રશ્નોના નિકાલ લાવવા સૂચના આપી હતી.સાથે સાથે જ્યાં જરૂર જણાઈ ત્યાં વિભાગોનું અરસ પરસ સંકલન કરી અરજદારનો પ્રશ્ન ઝડપથી હલ થાય તે માટે જિલ્લા કલેકટરએ પ્રયાસો કર્યા હતા.આ સ્વાગત કાર્યક્રમમાં અરજદારોના વિવિધ પ્રશ્નો જેવા કે, પ્રોપર્ટી કાર્ડ મેળવવા અંગે, જમીન રિસર્વે ક્ષતિ સુધારણાને લગત પ્રશ્ન, ગ્રામસભા યોજવા બાબત, જૂથ પાણી પુરવઠા યોજનાને લગત પ્રશ્ન, રેશનકાર્ડને લગત પ્રશ્ન, રસ્તાના સમારકામ અંગે, દબાણ હટાવવાના પ્રશ્નો અંગે ચર્ચા કરી કલેક્ટરએ લગત વિભાગોના અધિકારીઓને સકારાત્મક રીતે કામગીરી કરવા જણાવ્યું હતું.અરજદારોએ પણ કલેક્ટર દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અંગે સંતોષ વ્યક્ત કરી પોતાના પ્રશ્નનું સુખદ સમાધાન થતા હર્ષની લાગણી વ્યક્ત કરી હતી.આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા ડો.રવિ મોહન સૈની, અધિક નિવાસી કલેકટર શારદા કાથડ, લગત વિભાગના અધિકારીઓ તથા અરજદારઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર SIR કામગીરીમાં ગેરરીતિના આરોપ કોંગ્રેસે ધરણા યોજી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં કોંગ્રેસે એસઆઈઆર કામગીરીમાં કથિત ગેરરીતિના આરોપ સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા કલેક્ટર કચેરી ખાતે ધરણા યોજી આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું.જામનગર શહેર કોંગ્રેસના આરોપ મુજબ, એસઆઈઆર હેઠળ ચાલી રહેલી ફોર્મ નંબર ૨, ૭ અને ૮ની પ્રક્રિયામાં ભાજપના ઈશારે ગોટાળા કરવામાં આવી રહ્યા છે.

આ કથિત ગોટાળા દ્વારા મતદારોના નામ કમી કરવામાં આવી રહ્યા હોવાનો પણ આરોપ લગાવવામાં આવ્યો છે. આ ધરણા પ્રદર્શન જામનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ દિગુભા જાડેજા આગેવાની હેઠળ યોજાયું હતું. કોંગ્રેસે આ મામલે તટસ્થ તપાસની માંગ કરી છે.

# મોરબી મનપા દ્વારા ક્લસ્ટર-૨ની વિઝીટ, અને વિશેષ સફાઇ ઝુંબેશ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા તા. ૧૯/૦૧/૨૦૨૬ના રોજ ક્લસ્ટર નં. ૨ની વિઝીટ કરી સફાઇ કર્મચારીઓની હાજરીની ચકાસણી કરવામાં આવી હતી. સાથે જ વિવિધ મેઈન રોડ, GVP પોઈન્ટ તથા ડોર ટુ ડોર કચરા સંકલન કામગીરીનું નિરીક્ષણ કરાયું. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા નાળા સફાઇ અને અઠવાડિક વિશેષ સફાઇ ઝુંબેશ અંતર્ગત શહેરના અનેક વિસ્તારોમાં વ્યાપક સફાઇ કામગીરી હાથ ધરવામાં આવી હતી.



મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરની સ્વચ્છતા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે તા. ૧૯/૦૧/૨૦૨૬ના રોજ ક્લસ્ટર નં. ૨ની સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. આ વિઝીટ દરમિયાન ક્લસ્ટર-૨માં કાર્યરત સફાઇ કર્મચારીઓની હાજરીની ચકાસણી કરવામાં આવી હતી. ઉપરાંત વિસીપરા મેઈન રોડ, રોહિદાસપરા મેઈન રોડ, વિજયનગર મેઈન રોડ તેમજ અમરેલી ગ્રામ પંચાયત પાસે આવેલા GVP પોઈન્ટની વિગતવાર વિઝીટ કરી સફાઇ વ્યવસ્થાનું નિરીક્ષણ કરાયું હતું. ડોર ટુ ડોર કચરા સંકલનની કામગીરી યોગ્ય રીતે થઈ રહી છે કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી હતી. આ સાથે મોરબી મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા શહેરી વિસ્તારમાં આવેલા વણકરવાસ વોકળો, વાઘપરા તથા રાસનપરાની વાડી પાસે આવેલા નાળાની સફાઇ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગંદકી દૂર કરી નિકાસ વ્યવસ્થા સુધારવાના હેતુથી આ કામગીરી કરવામાં આવી હતી. અઠવાડિક વિશેષ સફાઇ ઝુંબેશ અંતર્ગત મહેન્દ્રનગરથી બસ સ્ટેશન સુધી, શક્તિ સોસાયટીથી ત્રણ મંદિર સુધીનો મેઈન રોડ, બૌદ્ધ નગર મેઈન રોડ, રામઘાટ મેઈન રોડ, પુજારા મોબાઈલવાળી શેરી, ગાંધી ચોક, હિરાસરી રોડ, ભક્તિ નગર સર્કલ હાઈવે તેમજ કેનાલ રોડ પર વ્યાપક સફાઇ કામગીરી હાથ ધરવામાં આવી હતી. નાયબ કમિશ્નર (પ્રોજેક્ટ) મોરબી મહાનગરપાલિકાની દેખરેખ હેઠળ યોજાયેલ આ સમગ્ર કામગીરીનો મુખ્ય ઉદ્દેશ શહેરને સ્વચ્છ, સ્વસ્થ બનાવવા સાથે નાગરિકોને સુવિધાજનક પર્યાવરણ ઉપલબ્ધ કરાવવાનો રહ્યો હતો.

# જામનગર જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી કાલાવડ નવા એપીએમસી ગ્રાઉન્ડમાં થશે

## કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને ૨૬મી જાન્યુઆરીના આયોજન અંગે બેઠક યોજાઇ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, દેશભરમાં પ્રજાસત્તાક પર્વની શાનદાર રીતે ઉજવણી કરવામાં આવે છે. ત્યારે જામનગર જિલ્લામાં પ્રજાસત્તાક પર્વની ઉજવણીના આયોજન અંગે કલેકટર કચેરીના સભાખંડમાં કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં આવેલ નવા એપીએમસી ગ્રાઉન્ડમાં જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી કલેક્ટરની અધ્યક્ષતામાં કરવામાં આવશે.સમગ્ર કાર્યક્રમની શાનદાર રીતે ઉજવણી થાય તેના ભાગરૂપે વિવિધ વિભાગના અધિકારીઓને કલેકટર દ્વારા સૂચનો આપવામાં આવ્યા હતા. તેમજ કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરી તે દિશામાં કામગીરી કરવા જણાવવામાં આવ્યું હતું.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, અધિક નિવાસી કલેકટર શારદા કાથડ, પ્રાંત અધિકારીઓ તથા લગત વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.



# આમ આદમી પાર્ટીના સ્થાનિક કાર્યકરો દ્વારા જિલ્લા કલેકટરને નોટિસ પાઠવવામાં આવી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર આમ આદમી પાર્ટીના સ્થાનિક કાર્યકરો દ્વારા જિલ્લા કલેકટરને નોટિસ પાઠવવામાં આવી.સમગ્ર ગુજરાત રાજ્યભરમાં આમ આદમી પાર્ટી દ્વારા એસઆઇઆરના મુદ્દે તંત્ર સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે, જે મુદ્દો જામનગરમાં પણ ગાજયો છે, અને આમ આદમી પાર્ટીના સ્થાનિક કાર્યકરો દ્વારા જિલ્લા કલેકટરને નોટિસ પાઠવવામાં આવી છે.

આમ આદમી પાર્ટીના રાજ્ય પ્રમુખ ઈશુદાન ગઢવીએ પોતાના એડવોકેટ દ્વારા પાઠવેલી નોટિસની નકલ સાથે જામનગર જિલ્લાના પ્રમુખ રાજેન્દ્રસિંહ સોઢાની આગેવાની હેઠળ આમ આદમી પાર્ટીના કાર્યકરોએ રેલી યોજીને જામનગર જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચી જઈને નોટિસ પાઠવી છે.

# ચોટીલા મામલતદારનો હુકમ રદ : સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટરનો ઐતિહાસિક નિર્ણય, વિજય ચાવડાને તાત્કાલિક જેલ મુક્ત કરવાનો આદેશ

**મુખ્ય સમાચાર, હળવદ**
**અહેવાલ - રમેશ ઠાકોર**

સુત્રો દ્વારા પ્રાપ્ત થયેલી માહિતી મુજબ ચોટીલા તાલુકામાં ચાલતા એક વિવાદિત અને ચર્ચાસ્પદ મામલામાં સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટરશ્રીએ મહત્વપૂર્ણ અને ન્યાયસંગત નિર્ણય આપ્યો છે. ચોટીલા મામલતદાર દ્વારા વિજય ચાવડાના જામીન રદ કરી તેમને જેલ મોકલવાના આપવામાં આવેલા હુકમને જિલ્લા કલેક્ટરશ્રીએ રદ કરી વિજય ચાવડાને તાત્કાલિક જેલ મુક્ત કરવાનો સ્પષ્ટ આદેશ આપ્યો છે.



હકીકત મુજબ વિજય ચાવડા અને રમેશભાઈ ચાવડા ઉર્ફે મુન્નો બંને સગા ભાઈઓ છે. રમેશભાઈ પરણિત હોવા છતાં અન્ય સ્ત્રી સાથે સંબંધ બાંધી પત્ની અને બાળકને છોડીને છેલ્લા ૧૪ વર્ષથી ચોટીલા ખાતે રહેતા હતા. આ વર્તનથી અસંતુષ્ટ થઈ તેમના પિતા વાલજીભાઈ ગાંડાભાઈ ચાવડાએ જાહેર નોટિસ આપી હતી કે તેમને રમેશ ઉર્ફે મુન્ના સાથે કોઈ લેવાદેવા નથી.

આ જાહેર નોટિસનો ખાર રાખીને રમેશ ઉર્ફે મુન્ના તથા તેમની પત્ની હંસાબેન દ્વારા મિલકતના મુદ્દે વિજય ચાવડા અને તેમના પરિવારને સતત હેરાન-પરેશાન કરવામાં આવતા હોવાના આક્ષેપો છે. ખોટી અને વારંવાર અરજીઓ કરી માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાનું પણ પરિવારજનોએ જણાવ્યું છે.

આ અનુસંધાને ચોટીલા પોલીસ સ્ટેશનમાં રમેશ ઉર્ફે મુન્નાએ વિજય ચાવડા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેમાં વિજય ચાવડાએ મામલતદાર કચેરી, ચોટીલા ખાતે જામીન મેળવ્યા હતા. ત્યારબાદ રમેશે જોરાવરનગર પોલીસ સ્ટેશનમાં બીજી ફરિયાદ નોંધાવી, જે બાબતે મામલતદારને જાણ થતાં વિજય ચાવડાને કોઈ પણ પ્રકારની નોટિસ આપ્યા વગર સીધો વોરંટ કાઢી તેમના જામીન રદ કરવામાં આવ્યા હતા અને તારીખ ૨૦ના રોજ વિજય ચાવડાને લીંબડી જેલ મોકલી દેવાયા હતા.

આ સમગ્ર મામલે વિજય ચાવડાની તરફથી તેમના વકીલ શ્રી એન. યુ. સોલંકી એડવોકેટ તથા શ્રી ડી. એચ. વાઘેલા દ્વારા જિલ્લા મેજિસ્ટ્રેટ સુરેન્દ્રનગર સમક્ષ અપીલ દાખલ કરવામાં આવી હતી, જે અપીલ નં. ૧/૨૬ તરીકે નોંધાઈ હતી. જિલ્લા મેજિસ્ટ્રેટએ સમગ્ર રેકોર્ડ અને પરિસ્થિતિઓની તપાસ બાદ ચોટીલા મામલતદારનો હુકમ રદ કરી વિજય ચાવડાને તાત્કાલિક જેલ મુક્ત કરવાનો હુકમ કર્યો હતો.

જેલમાંથી મુક્ત થયા બાદ વિજય ચાવડા આજે ભરૂચ પોલીસ સ્ટેશનમાં પોતાની ફરજ પર નિયમિત રીતે હાજર થયા હતા. આ ઘટનાએ કાયદાકીય પ્રક્રિયામાં નોટિસ વિના લેવાયેલા પગલાં અને ખોટી ફરિયાદોના દુરુપયોગ અંગે અનેક ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે.

# હળવદ સરા ચોકડી પાસે ૩૪ પાડાને કતલખાને લઈ જતા બચાવી લેવાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ સરા ચોકડી પાસે ગૌરક્ષકોની સતર્કતાએ આઇસર ગાડીમાં ક્રૂરતાપૂર્વક બાંધી લઈ જવાતા ૩૪ ભેંસના પાડાને બચાવી લેવામાં આવ્યા હતા. કચ્છથી અમદાવાદ તરફ લઈ જવાતા પશુઓ માટે ઘાસચારો કે પાણીની વ્યવસ્થા ન હોય અને ક્રૂરતાપૂર્વક બાંધીને લઈ જતા આરોપી આઇસર ચાલક સામે હળવદ પોલીસ મથકમાં પશુક્રુરતા પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધાયો છે. હળવદના પંચમુખી ઢોરો નજીક રહેતા અને પશુપાલનનો વ્યવસાય કરતા ગૌરક્ષક વિજયભાઈ પેથાભાઈ ગીંગોરા ઉવ.૨૮ એ હળવદ પોલીસ મથકમાં આરોપી મુબારક શબ્બીરભાઈ પટેલ ઉવ.૨૭ રહે.અમદાવાદ ગન નં.૦૪ કડીવાલની ચાલ દાણીલીમડા વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. જે મુજબ, ફરિયાદી સહિત હળવદ ગૌરક્ષકોની ટીમને બાતમી મળી કે, કચ્છ તરફથી અમદાવાદ તરફ એક આઇસર ગાડીમાં પશુઓ ભરી લઈ જવાઈ રહ્યા છે. આ આધારે હળવદ સરા ચોકડી નજીક વોચમાં હોય તે દરમિયાન બાતમી મુજબની આઇસર ગાડી નં. જીજે-૨૩-વી-૪૬૪૮ ત્યાંથી પસાર થતા તેને અટકાવી તપાસ કરતાં અંદર દયનીય હાલતમાં ટૂંકા દોરડાથી ક્રૂરતાપૂર્વક બાંધેલા કુલ ૩૪ ભેંસના પાડા મળી આવ્યા હતા, જેથી તુરંત આઇસર ગાડીને હળવદ પોલીસ સ્ટેશન લાવવામાં આવી હતી, જ્યાં આરોપી આઇસર ચાલક દ્વારા કોઈ પરમીટ કે આધાર વગર અબોલ જીવને ક્રુરતા પૂર્વક બાંધી કતલખાને લઈ જતો હોય જેથી પોલીસે આઇસર સહિત કુલ રૂ. ૨,૬૮,૦૦૦/-નો મુદ્દામાલ કબજે લઈ ચાલક સામે પશુક્રુરતા પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# મોરબીના વાવડી રોડ ઉપરથી મોબાઈલમાં વર્લીના આંકડાનો જુગાર રમતા એકની અટક

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન વાવડી રોડ ગાયત્રીનગરના નાકે જાહેરમાં મોબાઈલમાં વોટ્સએપમાં વર્લી ફિચર્સના આંકડાઓ લખીને પૈસાની હારજીતનો જુગાર રમતા આરોપી દેવદાનભાઈ રવાભાઈ મકવાણા ઉવ.૫૫ રહે.મોરબી નાનીવાવડી કબીર પાર્ક, મૂળરહે. માઉનું ગામ તા.જોડીયા વાળાની અટકાયત કરવામાં આવી હતી. પોલીસે પકડાયેલ આરોપી પાસેથી રોકડા રૂ.૯૦૦/- તથા મોબાઇલ કિ.રૂ.૫,૦૦૦/- સહિત રૂ.૫,૯૦૦/-નો મુદ્દામાલ કબ્જે લીધો હતો, આ સાથે વોટ્સએપમાં સામા છેડે વર્લીના આંકડાનો જુગાર રમતા આરોપી જુમાભાઈ રહે.મોરબી વાળા એમ બન્ને સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નોન ટ્રાન્સપોર્ટ વાહનોની સીરિઝ NT-GJ-03-PSનું ઓકશન ૨૭ જાન્યુઆરીથી શરૂ કરાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, રાજકોટ દ્વારા સ્પેશિઅલ વ્હિકલ, નોન ટ્રાન્સપોર્ટ વાહનોને લગતી સીરિઝ NT-GJ-03-PSનું ઓકશન તા. ૨૭ જાન્યુઆરી, ૨૦૨૬થી શરૂ કરવામાં આવશે. જેમાં ગોલ્ડન, સિલ્વર કે અન્ય પસંદગીના નંબર મેળવવા માટે ઇચ્છુક વાહનમાલિકો તેમના વાહનનું http://parivahan.gov.in/fancy પર રજીસ્ટ્રેશન કરીને ભાગ લઈ શકશે.

નવી સીરિઝના ગોલ્ડન, સિલ્વર કે અન્ય પસંદગીના નંબર મેળવવા માટે તા. ૨૭ જાન્યુઆરીથી તા. ૦૫ ફેબ્રુઆરી દરમિયાન ઓનલાઇન એપ્લિકેશન કરવાની રહેશે. તેમજ તા. ૦૫ ફેબ્રુઆરીથી ૦૭ ફેબ્રુઆરીના સાંજે ૦૪ કલાક સુધી ઓનલાઇન ઓકશનમાં બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તા. ૦૭ ફેબ્રુઆરીના રોજ કચેરીમાં ફોર્મ જમા કરાવવાના રહેશે.

વાહન નોંધણીની ઓનલાઇન પ્રક્રિયા : (૧) અરજદારે parivahan.gov.in વેબસાઇટ પર જવાનું રહેશે. ત્યારબાદ વેબસાઇટમાં દર્શાવેલા ઓનલાઇન સર્વિસ પર ક્લિક કરીને fancy number booking પર ક્લિક કરવાનું રહેશે., (૨) ત્યારબાદ પબ્લિક યુઝર પસંદ કરીને આઈ.ડી. બનાવવાનું રહેશે. ત્યારબાદ સી.એન.એ. ફોર્મ ઓનલાઈન ભરવાનું રહેશે. પસંદગીનો નંબર સિલેક્ટ કરીને દર્શાવેલી ફી પૈકી ઓછામાં ઓછી ફી ભરવાની રહેશે., (૩) ત્યારપછી હરાજીમાં ભાગ લઈને નંબર મેળવ્યા બાદ ૦૫ દિવસમાં હરાજીની બાકીની રકમ ભરવાની રહેશે., (૪) હરાજીની રકમ ભર્યા બાદ આર.ટી.ઓ. કચેરીએથી અપ્રુઅલ લઈને નંબર મેળવવાનો રહેશે., (૫) અરજદારે વાહન ખરીદીના ૦૭ દિવસમાં સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે.

ઉલ્લેખનીય છે કે વાહનનું રજીસ્ટ્રેશન કરાવેલું હોવું જરૂરી છે. વાહન ખરીદી તારીખથી ૦૭ દિવસની અંદર સી.એન.એ. ફોર્મ ઓનલાઈન ભરેલ હોવું ફરજિયાત છે. સમય મર્યાદા બહારની અરજી માન્ય ગણવામાં આવશે નહીં, તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીની યાદીમાં જણાવાયું છે.

# મોરબીના સામાકાંઠે રહેણાંકમાંથી વિદેશી દારૂની ૩૧ બોટલ ઝડપાઇ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમને બાતમી મળી કે, મોરબી-૨ ઉમા ટાઉનશીપ સામે જય અંબે જનરલ સ્ટોર વાળી શેરીમાં રહેતા અર્જુનસિંહ ઝાલા પોતાના રહેણાંકમાં વિદેશી દારૂનો જથ્થો ઉતારી તેનું વેચાણ કરે છે, જે મળેલ બાતમીને આધારે રહેણાંકમાં રેઇડ કરતા, જ્યાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડ અને ક્ષમતાની ૩૧ નંગ બોટલ કિ.રૂ.૮,૧૦૦/-મળી આવી હતી. રેઇડ દરમિયાન આરોપી અર્જુનસિંહ રણજીતસિંહ ઝાલા હાજર નહીં મળી આવતા તેને પોલીસે ફરાર જાહેર કરી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

# "સ્વતંત્રતા કા મંત્ર : વંદે માતરમ"ના કેન્દ્રવર્તી વિષયને અનુલક્ષીને નવી દિલ્હીના કર્તવ્યપથ પર પ્રજાસત્તાક દિને ગુજરાત રજૂ કરશે આકર્ષક ઝાંખી

## પ્રત્યેક ભારતીયોમાં સ્વદેશી, સ્વાશ્રયીતા અને સ્વતંત્રતાની અહાલેક જગાવતો મંત્ર એટલે- "વંદે માતરમ" !

**મુખ્ય સમાચાર, રાજકોટ**

'વંદે માતરમ' ગીતની ૧૫૦-મી વર્ષગાંઠના ઉપલક્ષમાં આ વિષયના પ્રતિઘોષરૂપે 'વંદે માતરમ' શબ્દની પૃષ્ઠભૂમિથી જ શરુ થયેલી ભારતીય રાષ્ટ્રધ્વજની નિર્માણયાત્રા, તેની બદલાતી તાસીર અને તવારિખની રોચક પ્રસ્તુતિ ૭૭-મા પ્રજાસત્તાક પર્વમાં ગુજરાતના ટેબ્લોનું મુખ્ય આકર્ષણ છે.

આ સાથે ગુજરાતના નવસારીમાં જન્મેલા તથા ગુર્જરભૂમિના તેમના નામાંકિત ક્રાંતિવીર સાથીઓ શ્યામજી કૃષ્ણવર્મા અને સરદારસિંહ રાણાની સાથે વિદેશની ભૂમિ પરથી ક્રાંતિજ્યોત જગાવનારા મેડમ ભિખાઈજી કામાએ તૈયાર કરેલા 'વંદે માતરમ' લિખિત ધ્વજની યશોગાથાનું વર્ણન, 'ચરખા'ના માધ્યમથી સ્વદેશીનો મંત્ર આપનારા મહાત્મા ગાંધીની સ્મૃતિ સાથે પ્રવર્તમાન 'આત્મનિર્ભર ભારત' અભિયાનનો સુભગ સમન્વય આ ટેબ્લોની અનોખી ભાત ઉભી કરે છે.

આ ટેબ્લોના અગ્રભાગમાં વીરાંગના મેડમ ભિખાઈજી કામાને સ્વરચિત 'વંદે માતરમ' લિખિત ધ્વજ સાથે દર્શાવવામાં આવ્યા છે. જે તેમણે સૌ પ્રથમ વખત વિદેશીભૂમિ પર વર્ષ ૧૯૦૭માં પેરિસમાં લહેરાવ્યો હતો. આ ધ્વજ જર્મનીના બર્લિનના સ્ટુટગાર્ટની 'ઇન્ડિયન સોશિયાલિસ્ટ કોન્ફરન્સ'મા પણ રજુ કરવામાં આવ્યો હતો. મેડમ કામાની આ ધ્વજ લહેરાવતી અર્ધ-પ્રતિમાની નીચે દેશના બંધારણમાં સ્વીકૃત વિવિધ ભારતીય ભાષામાં 'વંદે માતરમ'નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ટેબ્લોના હૃદયસમા પૃષ્ઠભાગમાં રાષ્ટ્રધ્વજની નિર્માણયાત્રા, તેની બદલાતી તાસીર અને તવારિખને વર્ણવવામાં આવી છે, જેનો પ્રારંભ વર્ષ ૧૯૦૬થી થાય છે. કોલકાતાના પારસી બાગાનમાં વિદેશી ચીજવસ્તુઓની હોળી અને સ્વદેશીનો સ્વીકાર કરતી વખતે ક્રાંતિકારીઓએ 'વંદે માતરમ' લખેલો ધ્વજ સૌ પ્રથમ વખત ફરકાવ્યો હતો. ત્યારબાદના ક્રમે, ૧૯૦૭મા વિદેશીભૂમિ પરથી ભાર-તીય ક્રાંતિની જ્યોત જગાવનારા મેડમ ભિખાઈજી કામાએ તેમણે તૈયાર કરેલો ધ્વજ પેરિસમાં લહેરાવ્યો હતો. વર્ષ ૧૯૧૭મા હોમરુલ ચળવળના ભાગરૂપે એની બેસન્ટ અને બાળગંગાધર તિલક દ્વારા એક નવતર ધ્વજ ફરકાવવામાં આવ્યો, જયારે વર્ષ ૧૯૨૧મા વિજયવાડામાં યુવા ક્રાંતિવીર પીંગળી વેંકૈયાએ એક નવી ડિઝાઈનનો ધ્વજ બનાવ્યો અને ગાંધીજી સમક્ષ રજુ કર્યો. ૧૯૩૧મા પીંગળીએ તૈયાર કરેલા ચરખા અને ત્રણ રંગો સાથે કેટલાક સુધારા સાથેનો ધ્વજ લગભગ સ્વીકૃતિ પામ્યો. જો કે આખરે ૨૨ જુલાઈ, ૧૯૪૭ના રોજ મધ્યમાં ધર્મચક્ર સાથેના ત્રિરંગાને ભારતીય બંધારણ સભાએ સ્વીકૃતિ આપી. પ્રવર્તમાન રાષ્ટ્રધ્વજની આ નિર્માણયાત્રા સાથે ભારતીય સ્વતંત્રતાની મહત્વની ચળવળોનું પણ આ ટેબ્લોમાં નિદર્શન કરવામાં આવ્યું છે.

'ચરખા'ના માધ્યમથી સ્વદેશીના પ્રયોગ મારફતે સ્વતંત્રતાની હાકલ કરનારા મહાત્મા ગાંધીના શિલ્પને ટેબ્લોના અંતિમ ચરણમાં વિશાળ ધર્મચક્ર સાથે દર્શાવવામાં આવ્યું છે. સ્વદેશી-આત્મનિર્ભરતા અને સ્વતંત્રતાના આ સશક્ત મૂલ્યોનું વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી હાલ સતત સંવર્ધિત કરવાનું સ્તુત્ય કાર્ય કરી રહયા છે.

સ્વાધીનતાની લડાઈ માટે ખપી જનારા વીર સપૂતોને યાદ કરીને રાષ્ટ્રીય ચેતના જગાવતા રાષ્ટ્રીય શાયરનું બિરુદ પામેલા ગુજરાતી રચનાકાર ઝવેરચંદ મેઘાણી રચિત 'કસુંબીનો રંગ'ના તાલે જુસ્સો વધારતા કલાકારો ટેબ્લોને જોમવંતો બનાવી રહ્યા છે.

આ વર્ષે પ્રજાસત્તાક દિનની પરેડમાં ૧૭ રાજ્યો અને કેન્દ્રસાશિત પ્રદેશો તથા કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોની ૧૩ ઝાંખીઓ મળીને કુલ ૩૦ ટેબ્લોનું પ્રદર્શન થનારું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ૭૭-મા પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં યુરોપિયન યુનિયનના બે વરિષ્ઠ નેતા યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લિયેન તથા યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા પ્રસ્તુત આ ઝાંખીના નિર્માણમાં માહિતી અને પ્રસારણ સચિવ ડૉ.વિક્રાંત પાંડે, માહિતી કમિશ્નર કિશોર બચાણી, અધિક નિયામક અરવિંદ પટેલના માર્ગદર્શનમાં સંયુક્ત માહિતી નિયામક ડૉ.સંજય કચોટ અને નાયબ માહિતી નિયામક ભાવના વસાવા યોગદાન આપી રહ્યાં છે.

# હળવદ જીઆઇડીસીમાં ગૌમાંસ રાંધવાના મામલે આઠ સામે ગુનો નોંધાયો

## ડીવાયએસપી સહિતના ઉચ્ચ અધિકારીઓએ બનાવ સ્થળની મુલાકાત લઈ કાર્યવાહી શરૂ કરી

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ જીઆઇડીસીમાં આવેલ રોશની કેર મીઠાની કંપનીના મજૂર ક્વાર્ટસમાં ગૌમાંસ રાંધવામાં આવતું હોવાની માહિતી મળતા હળવદ પોલીસ હરકતમાં આવી હતી. ડીવાયએસપી સહિતના અધિકારીઓએ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી છે. ગૌવંશ સંરક્ષણ કાયદા સહિત વિવિધ કલમો હેઠળ આઠ આરોપીઓ સામે ગુનો નોંધાયો છે. ત્યારે સમગ્ર ઘટનાને લઈ વિસ્તારમાં ચકચાર મચી ગયો છે.

હળવદ ટાઉનમાં ગૌમાંસ રાંધવાના બનાવ અંગે હળવદ સહિત સમગ્ર જીલ્લામાં ચકચાર ફેલાયો છે.જે બનાવની ફરિયાદ મુજબ હળવદના શિવ બંગલોઝમાં રહેતા ફરિયાદી કિરણકુમાર રજનીકાંત પંડ્યા ઉવ.૪૦ એ હળવદ પોલીસ મથકમાં આરોપી (૧)અલીમ ફકીરશા, (૨)આમીન નસીરખાન સૈયદ, (૩)યુનુશઅલી સુલતાનઅલી સૈયદ, (૪)સલમાબેન રાજઅલી, (૫)રૂક્ષાર આમીન, (૬)અનીસા નાઇદરસીદ સૈયદ તમામ રહે. હળવદ જી.આઇ.ડી.સી.રોશની કેર નામના મીઠાના કારખાનાના મજૂર ક્વાર્ટસ તા. હળવદ તેમજ આરોપી (૭)ઇકબાલ જમાલભાઈ ખાટકી રહે. ધ્રાંગધ્રા જી. સુરેન્દ્રનગર અને (૮)યાસીનભાઈ રહીમભાઈ ઘાંચી રહે.હળવદ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગઈકાલે તા.૨૨/૦૧/૨૦૨૬ના રોજ જી.આઇ.ડી.સી. વિસ્તારમાં આવેલ રોશની કેર મીઠાની કંપનીના મજૂર ક્વાર્ટસ તથા ધાબા ઉપર આરોપી અલીમ ફકીરશા, આમીન નસીરખાન સૈયદ, યુનુશઅલી સુલતાનઅલી સૈયદ, સલમાબેન રાજઅલી, રૂક્ષાર આમીન, અનીસા નાઇદરસીદ સૈયદે આરોપી ઇકબાલ જમાલભાઈ ખાટકી પાસેથી કાયદાથી પ્રતિબંધિત ગૌવંશનું માંસ ખોરાક તરીકે ઉપયોગમાં લેવા માટે મંગાવ્યું હતું. આ માંસને વાસણોમાં બાફી તથા રાંધી ઉપયોગમાં લેવામાં આવ્યું હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ છે. આ ઉપરાંત આરોપી યાસીનભાઈ રહીમભાઈ ઘાંચીએ પોતાના કબજા ભોગવટાના રહેણાંક રૂમ તથા ધાબા ઉપર ગૌમાંસ અને તેના અવશેષો રાખવાની સુવિધા પુરી પાડી હતી. આ રીતે તમામ આરોપીઓએ ગુનાહિત કાવતરામાં સામેલ થઈ ગૌવંશ પશુનો નાશ અને બગાડ કરી એકબીજાની મદદગારી કરી ગુનો આચર્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

ઘટનાની ગંભીરતા ધ્યાને લઈ ડીવાયએસપી સહિતના પોલીસ અધિકારીઓએ બનાવ સ્થળની મુલાકાત લઈ વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હાલ સમગ્ર મામલે તમામ આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ તેમજ ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનીયમ તથા ધી પ્રાણી ક્રુરતા નિવારણ અધિનીયમની કલમો હેઠળ ગુનો નોંધી, હળવદ પીઆઇ આર.ટી. વ્યાસ દ્વારા આગળની તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# પશ્ચિમ રેલવે દ્વારા ઓખા અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે ઓખા અને બાંદ્રા ટર્મિનસ સ્ટેશન વચ્ચે વિશેષ ભાડા પર ''સ્પેશિયલ ટ્રેન'' ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજકોટ ડિવિઝન થઈને પસાર થનારી આ સ્પેશિયલ ટ્રેનની વિગતો નીચે મુજબ છે

ટ્રેન સંખ્યા ૦૯૫૬૨/૦૯૫૬૧ ઓખા-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ (૧૦ ફેરા) : ટ્રેન સંખ્યા ૦૯૫૬૨ ઓખા-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ દર મંગળવારે ઓખાથી ૧૦:૨૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૪:૨૦ કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૨૭ જાન્યુઆરીથી ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી ચાલશે.

તેવી જ રીતે, રિટર્ન માં ટ્રેન સંખ્યા ૦૯૫૬૧ બાંદ્રા ટર્મિનસ-ઓખા સ્પેશિયલ દર બુધવારે બાંદ્રા ટર્મિનસથી ૫:૫૦ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૨૨:૫૦ કલાકે ઓખા પહોંચશે. આ ટ્રેન ૨૮ જાન્યુઆરીથી ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં દ્વારકા, ખંભાળિયા, જામનગર, હાપા, રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, અમદાવાદ, વડોદરા, ભરૂચ, સુરત અને બોરીવલી સ્ટેશનો પર ઉભી રહેશે.

આ ટ્રેનમાં એસી-૨ ટાયર, એસી-૩ ટાયર, એસી-૩ ટાયર (ઈકોનોમી), સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસના કોચ હશે.

ટ્રેન સંખ્યા ૦૯૫૬૧ અને ૦૯૫૬૨ નું બુકિંગ તમામ PRS કાઉન્ટરો અને IRCTCની વેબસાઇટ પર શરૂ થઈ ગયું છે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર મુલાકાત લઈ શકે છે.

# ઉનાના નાદણ ગામે SIRની કામગીરી દરમ્યાન એક પરિવારના નામો રદ કરી કોઈએ જુઠી સહી કરતા પ્રાંતમાં આવેદન

## જે ભારતમાંજ નથી તેના નામે કોઈ ખોટી સહી કરતા BOL કામગીરી કરતા અધિકારી સામે પ્રશ્ન ઉઠ્યા

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના પંથકમાં BLO કામગીરી ચાલી રહી છે જુદા જુદા ગ્રામ્ય વિસ્તારો માં જે કોઈને કામગીરી આપી છે તે લોકો નિભાવી રહ્યા છે પણ તેમાં ક્યાંક ને ક્યાંક આ કામગીરીમાં વિવાદ થયો છે તેવું જ કંઈક તાલુકાના નાંદણ ગામે બન્યું છે જે ત્યાં BLOની કામગીરીમાં શંખાના ઘેરામાં આવી છે દુબઈ કુવેત રહેતો અને શિપમાં કામ કરતો મોહમ્મદ સતાર કાસમ ભાઈ નામે કોઈ વ્યક્તિએ ખોટી સહી કરી અને ફોર્મમાં અને ખોટી વિગત ભરી છે શું છે તેવું તેમના પરિવાર કહે છે સમગ્ર વિવાદ આવો જોઈએ અને તેમનો પરિવાર શું કહે છે આવો જોઈએ પરંતુ અમારા ગામના બી. એલ. ઓ. સમક્ષ મારૂ તથા મારા પરીવારના સભ્યોના નામો કમી કરવા માટે મારા ભાઈ ભટ્ટી મહોમ્મદ સતાર કાસમભાઈના નામે કુલ ૭ (સાત) ફોર્મ રજુ થયેલ છે. અને તે ફોર્મ મારફતે મારા પરીવારના નામો મતદાર પાત્ર નથી.

કમી કરાવવા ફોર્મ નંબર ૭ ભરી માંગણી કરવામાં આવી છે.(૩) હકીકત એ છે કે ફોર્મ નંબર - ૭ (સાત) જે વ્યકિતના નામે ભરાયેલ છે. તે વ્યતિ છેલ્લા આઠ માસથી ભારતમાં નથી. પરંતુ તેઓ શીપીંગ કંપનીમાં ફરજ બજાવે છે. એ રીતે છેલ્લા આઠ માસથી ભારત બહાર છે. તેમ છતા તેમના નામે કોઈપણ શખ્સએ ખોટી સહી કરી તે ફોર્મમાં ખોટી વિગતો ભરી છે. એ રીતે અમારા પરીવારના નામો મતદાર યાદીમાંથી કમી કરાવવા પ્રયત્ન કરેલ છે. હકીકતે કુલ ૭ (સાત ) ફોર્મ ભરવામાં આવ્યા છે. તે તમામ વ્યકિતઓ હૈયાત છે. નાંદણ ગામેજ રહે છે. તેમજ તેઓ નાંદણ ગામના મતદારો પણ છે.પરંતુ અમારા મત આપવાના કાયદાકીય અને બંધારણીય હકકો થી નામ કમી કરવા ઉપરોકત વિગતેના ખોટા ફોર્મ ભરી પ્રયત્ન કરવામાં આવેલ છે. જેને લઈને આજે તે પરિવાર ઉના પ્રાંત અધિકારીમાં આવેદનપત્ર પાઠવી અને રજૂઆત કરી છે

# વિનાયક વાટિકામા કોન્ટ્રાકટરની ૧૫ લાખની સ્કોર્પીયો કાર તસ્કરો ઉઠાવી ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માધાપર ચોકડી પાસે વિનાયક વાટીકા સોસાયટીમાં ''શ્રી આશાપુરા કૃપા' મકાનમાં રહેતા અને રેલવેમાં સિવિલ કન્સ્ટ્રક્શનના ગવર્મેન્ટ કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતા રવીરાજસિહ વિક્રમસિહ જાડેજાની ૧૫ લાખની સ્કોંપિયો કારની ચોરી થયાની યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. ગુરુવારે રાત્રિના આશરે એકાદ વાગ્યાની આસપાસ તેમણે પોતાની માલિકીની બ્લેક કલરની મહેન્દ્રા સ્કોર્પીયો ક્લાસિક (રજી. નં. GJ-03-ML-7151) ઘર પાસે પડી હતી. સવારે ૧૧ વાગ્યાની આસપાસ જ્યારે તેઓ જાગીને બહાર આવ્યા ત્યારે ઘર પાસે પાર્ક કરેલી કાર જોવા મળી ન હતી. આસપાસના વિસ્તારમાં અને સગા-સંબંધીઓમાં તપાસ કરવા છતાં કારનો કોઈ પતો લાગ્યો ન હતો. આખરે પોતાની ૧૫ લાખની કિંમતની કાર ચોરી થઈ હોવાનું જણાતા તેમણે પોલીસનો સંપર્ક કર્યો હતો. ઘટના અંગે પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસ આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# પીએમ કિસાન યોજનાના લાભાર્થી ખેડૂતોને રજીસ્ટ્રેશન કરાવવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત સરકાર દ્વારા પી.એમ. કિસાન યોજનાના લાભાર્થી ખેડૂતોએ આગામી ૨૨મો હપ્તો મેળવવા માટે એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ફાર્મર રજીસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવ્યું છે.

એગ્રીસ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત દરેક ખેડૂતને આધાર આઈ.ડી.ની જેમ ૧૧ ડિજિટનો યુનિક ફાર્મર આઈ.ડી. આપવામાં આવે છે. ફાર્મર રજીસ્ટ્રીનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર દ્વારા કૃષિ લગત વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ રાજ્યના તમામ ખેડૂતોને સરળતાથી, પારદર્શક રીતે અને સમયસર પૂરો પાડવાનો છે.

રાજ્યના તમામ ખેડૂતોએ વિવિધ સહાયકારી યોજનાઓના લાભ સરળતાથી મેળવવા માટે ફાર્મર રજીસ્ટ્રેશન કરાવવું ખૂબ જ જરૂરી છે. આથી, જિલ્લાના તમામ ખેડૂત ખાતેદારોને તાત્કાલિક ફાર્મર રજીસ્ટ્રેશન કરાવી લેવા અનુરોધ કરવામાં આવે છે.

ફાર્મર રજીસ્ટ્રેશન જે-તે ગામના VCE/VLE (ઓપરેટર) અથવા જનસેવા કેન્દ્ર મારફતે કરાવી શકાય છે. તેમજ ખેડૂત જાતે મોબાઈલ મારફત gifr.agristack.gov.in દ્વારા સેલ્ફ રજીસ્ટ્રેશન પણ કરી શકે છે. ફાર્મર રજીસ્ટ્રેશન માટે જરૂરી દસ્તાવેજ, આધાર કાર્ડ, આધારથી લિંક મોબાઈલ નંબર અને જમીનની વિગતો સાથે રાખવી જરૂરી છે તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# સિનિયર સીટીઝનના જીવનમાં વસંત લાવવાનું ભગીરથ કાર્ય કરતુ ઉડાન ગ્રુપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



છેલ્લા બે વર્ષથી સિનિયર સીટીઝનના જીવનમાં વસંત લાવવાનું આવકાર દાયક કામ અમદાવાદનું ઉડાન ગ્રુપ કરી રહ્યું છે. ઉડાન ગ્રુપ દ્વારા સિનિયર સીટીઝન માટે કોઇપણ જાતની સભ્ય ફી ઉઘરાવવામાં આવતી નથી. ખાસ કરીને આજે વસંતપંચમીના દિવસે આ ગ્રુપના સભ્યો એક બીજા સાથે હળીમળી કાર્યક્રમની મજામાણી શકે તેવા સમયાંતરે પ્રોગ્રામ યોજાય છે. તાજેતરમાં જ મકરસંક્રાંતી ગ્રુપના સભ્યો માટે ગેટ ટુ ગેધરનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જુદી જુદી રમત સાથે ગરબાનો આનંદ સભ્યોએ લીધો હતો. નહીં નફો નહીં નુકસાનના ધોરણે ચાલતા આ ગ્રુપમાં હાલ ૨૦૦ સભ્યો જોડાયેલા છે. આવનારા દિવસોમાં આબુ, સાસણ ગીર સહિતના પ્રવાસ યોજાવાના છે. આ ગ્રુપને તમામ પ્રકારનો સહયોગ વાસુદેવભાઇ પટેલ, પ્રદિપભાઇ શુકલ, બાબુભાઇ ચૌધરી, જિજ્ઞાબેન અગ્રવાલ સહિતની ટીમનો મળી રહ્યો છે.

# PSIની તૈયારી કરી રહેલા ASI પુત્રના દોડતા દોડતા શ્વાસ થંભી ગયાઃ મોત

## ભરૂચ ગ્રાઉન્ડ પર ત્રણ રાઉન્ડ લગાવ્યા બાદ ઢળી પડયાઃ પોલીસ બેડામાં શોક

**મુખ્ય સમાચાર, ભરૂચ**

રાજ્યના પોલીસ દળમાં પીએસઆઈ અને એલઆરડીની બમ્પર ૧૩,૫૯૨ કર્મીઓની ભરતી થવાની છે જેના માટે રાજ્યભરમાં લાખો યુવક-યુવતીઓ તૈયારી કરી રહ્યા છે. ગઈકાલથી રાજ્યના અલગ-અલગ કેન્દ્રો પર ફિઝિકલ ટેસ્ટનો આરંભ થયો છે. ભરૂચમાં પણ શારીરિક કસોટી લેવાઈ રહી છે.

વડોદરા એસઆરપી ગ્રુપ-૧માં એએસઆઈ તરીકે ફરજ બજાવતા મહેન્દ્રસિંહ જાડેજાના યુવાન પુત્ર રવિરાજસિંહ (ઉ.વ.૨૫) પીએસઆઈ બનવા માટે તૈયારી કરી રહ્યા છે. ભરૂચ ખાતે ગ્રાઉન્ડ પર દોડની ટેસ્ટ આપવા ગયા હતા. ત્રણ રાઉન્ડ લગાવ્યા બાદ શ્વાસ ચડતા અચાનક દોડતા-દોડતા ઢળી પડ્યા હતા. હાજર અધિકારીઓ, સ્ટાફ દ્વારા તુરંત જ હોસ્પિટલે ખસેડાયા હતા. જો કે તેમનો જીવ બચી શક્યો ન હતો. યુવાન પુત્રના મોતથી પરિવાર અને પોલીસ બેડામાં પણ ભારે શોક ફેલાયો છે.

# "સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત" અંતર્ગત રાજકોટમાં મેદસ્વિતામુક્તિ કેમ્પ-૩ યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ''મેદસ્વિતા મુક્તિ કેમ્પ - ૩''નું આયોજન રામપાર્ક ગાર્ડન, હરિ ધવા રોડ, રાજકોટ ખાતે કરાયું છે. કેમ્પમાં જોડાવા ઈચ્છુકો https://medasvita-camp.gsyb.in/ લિંક પર ક્લિક કરીને નોંધણી કરાવી શકે છે.

વર્તમાન સમયમાં મેદસ્વિતા વૈશ્વિક આરોગ્ય સમસ્યા બની છે. આધુનિક જીવનશૈલી, અસંતુલિત આહાર અને શારીરિક સક્રિયતાના અભાવના કારણે બાળકો સહિત વયસ્કોમાં પણ મેદસ્વિતા ઝડપથી વધી રહી છે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મન કી બાત કાર્યક્રમમાં મેદસ્વિતા અંગે ચિંતા વ્યક્ત કરી હતી, જ્યારે ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ''સ્વસ્થ ગુજરાત - મેદસ્વિતા મુક્ત ગુજરાત'' અભિયાન વેગવંતુ છે.

રાજકોટ ખાતે આયોજિત આ કેમ્પમાં રૂ. ૩૦૦/- રજીસ્ટ્રેશન ફી રાખવામાં આવી છે.યોગસાધકોની નિયમિતતા માટે આ શૂલ્ક લેવામાં આવશે. આ યોગ કેમ્પમાં બહોળી સંખ્યામાં નાગરિકો જોડાઈને સ્વસ્થ, સુખી અને નિરોગી જીવન તરફ આગળ વધવા આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મોટા ખુંટવડા ગામે PSI દ્વારા સામાન્ય બાબતે માલધારી યુવકને માર માર્યાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજુલા**



ભાવનગરના મહુવા તાલુકાના મોટા ખુંટવડા ગામે પોલીસ અને માલધારી યુવક વચ્ચે ઝપાઝપીની ઘટના બની હતી. જોકે આ સમગ્ર ઘટનાનો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. આ અંગેની મળતી વિગતો મુજબ મોટા ખુંટવડા ગામે એક માલધારી યુવકને પીએસઆઈ દ્વારા માર માર્યાનો આક્ષેપ લાગ્યો છે. માલધારી યુવક પશુઓ ચરાવી ઘર તરફ જઈ રહ્યો હતા. અને તે સમયે ખુટવડા પોલીસ સ્ટેશનના પીએસઆઇ પોતાની ગાડી લઈને નીકળતા રસ્તામાં ભેંસ આડી ઉતરતા યુવકને ઉશકેરાયને દૂર ખસેડવા કહ્યું. જોકે બાદમાં સામ-સામે બોલાચાલી પણ થઈ હતી. બાદમાં મામલો ગરમાયો હતો. અને માલધારી યુવકને લાકડી વડે ઢોરમાર મારવામાં આવ્યો હતો. યુવકને ઢોરમાર મારતા હોય તે વિડિયોમાં પીએસઆઈ અને તેની સાથે રહેલા સ્ટાફ નિર્દોષ માલધારી યુવકને લાકડી વડે ઢોરમાર મારી રહ્યા છે. યુવકે રાડારાડ કરી હતી પરંતુ પીએસઆઈ તથા સ્ટાફે તેને લાકડી વડે ઢોરમાર મારતા જ રહ્યા હતાં જે વિડિયોમાં સ્પષ્ટ દેખાય છે. માલધારી યુવક ભાવેશ ચૌહલાને લોહીલુહાણ હાલતમાં ખાનગી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. માલધારીઓ ભાવેશ અને તેમના પરિવારજનોએ પીએસઆઈ અને સ્ટાફ સામે માર-માર્યાના ગંભીર આક્ષેપો કર્યો હતો. સમગ્ર બાબતે પીએસઆઈ દ્વારા યુવક સામે ફરજ રૂકાવટનો ગુન્હો દાખલ કર્યો છે. પીએસઆઇ ખુદ આવી રીતે સામાન્ય બાબતે માલધારી યુવકને માર માર્યો તે કેટલા અંશે વ્યાજબી ગણાય? આ ઘટનાને લઈ માલધારી સમાજમાં રોષ ફેલાયો હતો. આ બાબતે ઉચ્ચ અધિકારીઓ દ્વારા યોગ્ય તપાસ કરી માલધારી યુવકને ન્યાય આપવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# નવાગામમાં યુવાને ગળાફાંસો ખાઈ લેતા સારવારમાં ખસેડાયો

## જુદા જુદા બે સ્થળે પરિણીતા અને વૃદ્ધાએ જવલનશીલ પ્રવાહી પી લેતા તબિયત લથડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં નવાગામ છપ્પન વારીયા ક્વાર્ટરમાં રહેતા યુવાને કોઇ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઇ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકને બેશુદ્ધ હાલતમાં તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ અંગે જાણવા મળતી વિગત મુજબ નવાગામ ૫૬ વારીયા ક્વાર્ટરમાં રહેતા ઈમરાન અનવરભાઈ મોગલ નામનો ૨૯ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે બપોરના સાડા ત્રણ વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતો. ત્યારે કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ લીધો હતો. યુવાનને બેશુદ્ધ હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં ઈમરાન બે ભાઈ ત્રણ બહેનમાં વચ્ચેટ છે અને તેને સંતાનમાં બે પુત્ર છે. આ ઉપરાંત અન્ય બનાવવામાં રેલનગર વિસ્તારમાં આવેલ સંતોષીનગરમાં રહેતી કાજલબેન પરબતભાઈ સરવૈયા નામની ૩૫ વર્ષની પરિણીતાએ પોતાના ઘરે હતી ત્યાં રાત્રિના સમયે ઉલ્ટીની બીમા-રીથી કંટાળી ફિનાઈલ પી લીધું હતું. જ્યારે મવડી વિસ્તારમાં આવેલ વિશ્વેશ્વર હાઉસિંગ સોસાયટીમાં રહેતા હંસાબેન નંદલાલભાઈ પિત્રોડા નામના ૭૦ વર્ષના વૃદ્ધાએ ભૂલથી ઝેરી ટીકડા ખાઈ લીધા હતા. પરિણીતા અને વૃદ્ધાને ઝેરી અસર થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વીંછિયા પંથકમાં પાંચ વર્ષની બાળકીને ૫૦ વર્ષીય સ્કૂલવેન ચાલકે અડપલા કર્યા

રાજકોટના વીંછિયા પંથકમાં પણ આવો જ કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. અહીં પાંચ વર્ષની બાળકી સાથે ૫૦ વર્ષીય સ્કૂલવેન ચાલકે અડપલાં કર્યાની ફરિયાદ નોંધાતાં પોલીસે તાત્કાલિક ઢગાને પકડી લઈ તેના વિરુદ્ધ પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. આ અંગે ની માહિતી મુજબ વીંછિયા પંથકમાં રહેતી પાંચ વર્ષીય બાળકી માતા-પિતાએ બાળકીને સ્કૂલે લેવા-મુકવા માટે સ્કૂલવેન બંધાવી હતી. આ સ્કૂલવેન કાળુ ચાંઉ (ઉ.વ.૫૦) ચલાવતો હતો. જો કે બાળકીની એકલતાનો લાભ લઈ કાળુએ તેની સાથે અડપલાં કરતાં બાળકી રીતસરની હેબતાઈ ગઈ હતી. આવું બબ્બે વખત કરવાથી બાળકીએ સ્કૂલે જવાનો જ ઈનકાર કરવાનું શરૂ કર્યું હતું. આ પછી બે દિવસ પહેલાં બાળકીએ સ્કૂલે જવાનો સમય થયો ત્યારે જવાની ના પાડી રડવાનું શરૂ કરી દેતા માતા-પિતા પણ ડઘાઈ ગયા હતા અને પુત્રી સાથે અજુગતું થયાનું લાગતાં જ શાંતિપૂર્વક તેને પૂછતાં તેણે સઘળી હકીકત જણાવી હતી કે સ્કૂલવેનના ચાલક કાળુ ચાઉં દ્વારા તેની સાથે અડપલાં કરવામાં આવી રહ્યા છે. આ સાંભળી તાત્કાલિક વીં છિયા પોલીસ મથકમાં કાળુ ચાંઉ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે કાળુની ધરપકડ કરી આગવી ઢબે સરભરા કરી હતી.

# તાલાલાનાં ગુંદરણ ગીર ગામની સીમમાં એસએમસી ત્રાટકી: ૧૩ જુગારીઓની ધરપકડ



### જુગારની રેડ દરમિયાન ભાગી છુટેલા ૨૭ સહિત ૪૦ સામે ગુનો દાખલ કરી રૂા.૧૪.૮૫ લાખનો મુદ્દામાલ કબ્જે

**મુખ્ય સમાચાર, તાલાલા ગીર**

તાલાલા પંથકમાં ફરતાં દવાખાના ની જેમ વારંવાર સ્થળ બદલી લાંબા સમયથી તાલાલા પંથકના વિવિધ ગ્રામ્ય વિસ્તારમાં ચાલતી હરતી ફરતી જુગાર ક્લબ ઉપર ગાંધીનગર ની સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમ ત્રાટકી જુગાર રમતા શખ્શોને ઝડપી લીધા હતા.

એસ.એમ.સી.નાં મહીલા પી.એસ.આઈ. ક્રિષ્નાબેન એચ.ઝણકાતે આપેલ વિગત પ્રમાણે તાલાલા પંથકના ગુંદરણ ગીર ગામથી ધાવા ગીર ગામે જતા માર્ગે આવેલ સર્વે નં.૧૧૯ વાળી વાડીમાં જાહેરમાં જુગાર નો દરોડો પાડેલ જેમાં ૧૩ શખ્શો જુગાર રમતાં ઝડપાયા હતા.જયારે ૨૭ શખ્સો ફરાર થઈ ગયા છે.જુગાર દરોડા દરમ્યાન રૂ.૧ લાખ ૪૯ હજાર ૭૫૦ રોકડા, ૧૫ મોબાઈલ કિ.રૂ.૬૬ હજાર, ૨૨ મોટરસાયકલ, ચાર ફોર વ્હીલર સહિત કુલ ૨૬ વાહનો કિ.રૂ.૧૨ લાખ ૭૦ હજાર, ગંજી પતાના બોક્સ સાત મળી કુલ રૂ.૧૪ લાખ ૮૫ હજાર ૯૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

દરોડા દરમ્યાન ઝડપાયેલ પતાપ્રેમી સામે તાલાલા પોલીસ સ્ટેશનમાં જુગાર પ્રતિબંધક અધિનિયમ કલમ-૧૨ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ કલમ ૧૧૨(૨) હેઠળ ગુનો નોંધી.. ફરાર આરોપીઓની શોધખોળ માટે તપાસ શરૂ કરી છે.તાલાલા પંથકમાં લાંબા સમયથી હરતી ફરતી જુગાર ક્લબ ધમધમતી હતી છતાં પણ ગીર સોમનાથ જિલ્લા પોલીસ આંખ આડા કાન કરતી હોય જુગાર ક્લબના સંચાલકો પોલીસનો ભય રાખ્યા વગર ખુલ્લેઆમ ક્લબ ચલાવતા હતા.જુગાર ક્લબની ચોક્કસ બાતમી સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમ ગાંધીનગર ને મળતા આખરે એસ.એમ.સી ટીમે મહિલા પી.એસ.આઈ.ની રાહબરી હેઠળ ગુંદરણ ગીર ગામે આવી જુગારની સફળ રેડ કરતાં તાલાલા અને ગીર સોમનાથ જિલ્લાની પોલીસ ઊંઘતી ઝડપાઇ ગઇ છે. દરોડા દરમ્યાન ઝડપાયેલ આરોપીઓ અયુબ હુસેન ખાનાણી રે.વિઠલપુર(ક્લબ સંચાલક), દિનેશ મગન કાનાબાર ઉર્ફે.ઘોઘો રે.તાલાલા(ક્લબ ભાગીદાર), ચંદ્રકાન્ત પરસોતમ છગ ઉર્ફે.ચંદુ રે.પ્રાંચી(ક્લબ ભાગીદાર), ભીમશી પુંજાભાઈ ભરડા રે.ગુંદરણ(વાડી માલિક), ઈમરાન અયુબ ખાનાણી સહિત ૧૩ જુગારીઓની ધરપકડ કરવામાં આવી હતી. જયારે પોલીસની આવવાની ભણક પડી જતા ૨૭ જેટલા શખ્સો ફરાર થઇ ગયા હતા. એસએમસીની ટીમે ૪૦ શખ્સો સામે ગુન્હો નોંધી રૂ.૧૪.૮૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી નાશી ગયેલા જુગારીઓની શોધખોળ આદરી છે.

# રાજકોટના વડાળી ગામથી લાપાસરી સુધીનો રોડ રૂ.૩ કરોડના ખર્ચે બનાવવાનું કામ શરૂ



શહેરની ભાગોળે રાજકોટના લાપાસરી ગામ-વડાળી ચોકડી ખાતે રૂ.૧૧.૬૯ કરોડના ખર્ચે ગોંડલ રોડથી ભાવનગર રોડ રીસફેશીંગ ઓફ રીંગ રોડ-૨ તથા રૂ.૩ કરોડના ખર્ચે વડાળીથી લાપાસરી રોડ ડામર કાર્પેટના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય ભાનુબેન બાબરીયા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જીલ્લા ભાજપ મહામંત્રી નેરન્દ્રસિંહ જાડેજા, તાલુકા ભાજપ પ્રમુખ કેયુરભાઇ ઢોલરીયા, તાલુકા સદસ્ય ભરતભાઇ મકવાણા, લાપાસરી ગામના સરપંચ કુલદિપસિંહ ભાટ્ટી, કાળીપાટ ગામના સરપંચ નરેન્દ્રસિંહ જાડેજા તથા સંગઠનના હોદ્દેદારો અને ગ્રામજનો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં નિવૃત્ત સરકારી કર્મીના ૯.૫૦ લાખ સાળીનો ભાગીદાર ઓળવી ગયો




### જમીનમાં સારા વળતરની લાલચ આપી જમીન ખરીદ બાદ દસ્તાવેજ પોતાના નામનો કર્યો જામીન પેટે આપેલા ચેક પણ બાઉન્સ થયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરકારના ખેતીવાડી વિભાગમાંથી નિવૃત્ત થયેલા ૬૩ વર્ષીય વૃદ્ધને સાળીના ભાગીદારે જમીનમાં સારા વળતરની લાલચ આપી ૯.૫૦ લાખનો ધૂંબો મારતા માલવિયાનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગે કરશનભાઈ રૈયાભાઈ પરસાણાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેઓ ખેતીવાડી વિભાગમાંથી જૂલાઈ-૨૦૨૦માં નિવૃત્ત થયા હતા. નિવૃત્તિના રૂપિયા આવતા તેઓને રોકાણ કરવું હતું. જો કે કરશનભાઈ ખેડૂત ખાતેદાર ન હોય ખેતીની કોઈ જમીન તેમને મળી શકે તેમ ન્હોતી. કરશનભાઈના સાળી ધર્મિષ્ઠાબેન ઉર્ફે અંજુબેન તેમજ તેમના પતિ વલ્લભભાઈ પાનસુરિયા ખેડૂત ખાતેદાર હતા સાથે સાથે સાળી અને તેનો ભાગીદાર વિજય ભગવાનજીભાઈ મુંગરા (રહે.જામનગર) જમીન-મકાનની લે-વેચ કરતા હોય હોય તેમની સાથે જમીનમાં રોકાણ કરવા અંગે વાતચીત થઈ હતી. આ પછી સાઢુભાઈ વલ્લભભાઈ પાનસુરિયાએ કરશનભાઈને કહ્યું હતું કે તમે વિજયભાઈને રૂપિયા આપો. આ રૂપિયાની તેઓ જમીન ખરીદશે અને તેમાંથી સારું વળતર મળશે. આ વાત પર વિશ્વાસ કરી કરશનભાઈએ વિજય મુંગરાને કુલ ૧૩.૫૦ લાખ રૂપિયા રોકડ તેમજ ચેક મારફતે આપ્યા હતા. ત્યારબાદ વિજયે ૧૯-૧૦-૨૦૨૦ના અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના અમરાપર ગામે ત્રણ લાખ રૂપિયાની તેમજ બાબરા ગામે બે લાખ રૂપિયાની જમીન ખરીદ કરી હતી. આ જમીનનો દસ્તાવેજ વિજયે તેના નામનો કરાવ્યો હતો. જમીન એક વર્ષની અંદર વેચી પૈસા પરત કરવાના હતા પરંતુ એક વર્ષ વીતી જવા છતાં વિજયે કોઈ જ જવાબ આપ્યો સાપ્યો ન્હોતો.

ત્યારબાદ વિજયે આપેલા ચેક કરશનભાઈએ બેન્કમાં વટાવવાનો પ્રયાસ કર્યો હતો જેમાં ૬.૫૦ લાખનો ચેક રિટર્ન થયો હતો. આ પછી બીજા ચેકમાં સાત લાખની રકમ ભરી વટાવવા પ્રયાસ કર્યો પરંતુ તે પણ રિટર્ન થતાં કરશનભાઈએ વિજય મુંગરા વિરુદ્ધ કોર્ટમાં કેસ કર્યા હતો. આ પછી વિજયે કરશનભાઈને પૈસા પરત આપવાનો વિશ્વાસ આપતાં કોર્ટમાં આગળ કાર્યવાહી કરી ન્હોતી.

સપ્ટેમ્બર-૨૦૨૪માં વિજય અને કરશનભાઈ રૂબરૂ મળ્યા હતા ત્યારે વિજયે ચાર લાખની રોકડ પરત કરી હતી બદલામાં જમીનના અસલ દસ્તાવેજ કરશનભાઈ પાસેથી મેળવી લીધા હતા જે જમીન વિજયે બારોબાર વેચી નાખી કરશનભાઈને પૈસા પરત ન આપી વિશ્વાસઘાત કર્યો હતો. આમ વિજયે કરશનભાઈને ૭.૫૦ લાખ રૂપિયા પરત ન કર્યા સાથે સાથે કરશનભાઈએ રોકાણ કરવા માટે ખરીદેલી જમીનનો દસ્તાવેજ પોતાના નામે કરી તેનું પણ ૯.૫૦ લાખમાં બારોબાર વેચાણ કરી નાખ્યું હતું.

# માલવિયા નગર વિસ્તારમાં ૧૪ વર્ષની કિશોરી સાથે સ્કૂલ વાનમાં દુષ્કર્મ આચરનાર ચાલકની ધરપકડ

### સ્કૂલથી છૂટેલી વિદ્યાર્થિનીને વાનમાં બેસાડી સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ પાસે અવાવરૂ જગ્યાએ લઈ જઈ કુકર્મ આચર્યું'તું





**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં માલવિયાનગર વિસ્તારમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી ૧૪ વર્ષીય કિશોરી સાથે સ્કૂલવાનમાં જ મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરનાર ચાલક રમેશ કાનાભાઈ ખરાની પોલીસે પરપકડ કરી છે. પોક્સો એક્ટની કલમો હેઠળ ગુનો નોંધીને આરોપીને મેડિકલ ચેકઅપ અર્થે ખસેડવામાં આવ્યો છે અને પંચનામું સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

રાજકોટમાં દુષ્કર્મનો એક કિસ્સો સામે આવ્યો છે, જેના કારણે માતા-પિતા પોતાનાં બાળકોને સ્કૂલવાનમાં મોકલતાં પણ ડરશે. ધો.૯ની કિશોરી પર તેને સ્કૂલે લઈ જતા સ્કૂલવાનચાલકે જ દુષ્કર્મ ગુજાર્યું હોવાનો કિસ્સો સામે આવ્યો છે. ફક્ત આટલું જ નહીં, વાનચાલકે દુષ્કર્મ ગુજારી વિદ્યાર્થિનીને ધમકાવી કે જો તે કોઈને આ અંગે જાણ કરશે તો તે તેને છોડશે નહીં. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે રમેશ ખરા પાળ ગામમાં રહે છે અને છેલ્લા એકાદ વર્ષથી તેની વાનમાં સ્કૂલે આવતી-જતી આ વિદ્યાર્થિનીનો ફોનનંબર મેળવીને વ્હોટ્સએપ કોલ અને મેસેજ દ્વારા સંપર્ક જાળવી રાખતો હતો. બે દિવસ પહેલાં સ્કૂલથી છૂટીને વાનમાં બેસેલી વિદ્યાર્થિનીને અમીન માર્ગ નજીક અવાવરૂ જગ્યાએ લઈ જઈ વાનમાં જ દુષ્કર્મ આચર્યું હતું અને કોઈને જણાવવા નહીં દેવાની ધમકી આપી હતી. બાળકીની હિંમત અને પરિવારની સમજણથી આ ઘટના બહાર આવી. અગાઉ પણ આરોપીએ તેની સાથે છેડછાડ કરી હતી અને ધમકી આપી હતી, જેના કારણે કિશોરી ઉદાસ રહેતી હતી. પરિવારજનોએ સમજાવી પૂછપરછ કરતાં હકીકત જાણી પોલીસ સ્ટેશન પહોંચ્યા અને ફરિયાદ નોંધાવી હતી. આરોપી પાસેથી પોલીસે સ્કૂલવાન કબજે કરી છે, જેની પાછળ લખેલું છે - વફાદારી ખૂબ કીમતી છે, જે દરેક માણસને પરવડે તેમ નથી. આરોપીના ઘરમાં ૧૨ વર્ષની પુત્રી હોવાનું અને અન્ય સ્ત્રી સાથે અહેર હોવાનું પણ સામે આવ્યું છે, તેની વાનમાં અન્ય ઘણી વિદ્યાર્થિનીઓ આવતી હતી, જેથી શું તેણે અન્ય કોઈ કિશોરી સાથે પણ આવી બીભત્સ હરાત કરી છે કે કેમ એની પણ ઊંડી તપાસ ચાલુ છે.

# કેદારનાથ સોસાયટીમાં માથાભારે પુત્રવધુનો આતંક : એક કરોડ રૂપિયા આપશો તો જ છૂટાછેડા આપીશ

### કોર્ટ મારફતે છૂટાછેડા લેવાનો ઈનકાર, બે મહિના પહેલાં ઝઘડો કરી ૫૦,૦૦૦ પડાવી ગઈ તી એક કરોડ નહીં મળે તો સાસુ-પતિને મારી નાખવાની પણ ધમકી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારિયા મેઈન રોડ પર કેદારનાથમાં રહેતા પરિવાર પર માથાભારે રૂપિયા જ કરતાં તેવી ધમકીર આપી ઘર પર પથ્થરો નોંધાઈ હતી.

આ અંગે ની માહિતી મુજબ કેદારનાથ સોસાયટી શેરી નં.૧માં પિતૃઆશિષ નામના મકાનમાં રહેતા શારદાબેન મનજીભાઈ થવા (ઉ.વ.૬૫)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેમના પુત્ર સુનિલ (ઉ.વ.૩૬)ના ૧૪ વર્ષ પહેલાં રાવકી ગામે દિલીપભાઈ ઠાકરશીભાઈ પાનસુરિયાની પુત્રી કિરણ સાથે લગ્ન થયા હતા. લગ્નજીવનમાં સુનિલ-કિરણને એક પુત્રી અને એક પુત્રનો જન્મ થયો હતો. જો કે પુત્રી અમારી સાથે અને પુત્ર કિરણ સાથે રાવકી ગામે રહે છે. કિરણ સુનિલ સાથે વારંવાર ઝઘડા કરતી હોય દોઢ વર્ષ પહેલાં તેને તેનો ભાઈ આવીને તેડી ગયો હતો. જો કે કિરણ વારંવાર ઘેર આવીને સુનિલ સાથે ઝઘડા કરી રહી હતી. વડિલો સમાધાનનો પ્રયાસ પણ કરાયો હતો સમાધાનના બદલામાં કિરણે એક કરોડ રૂપિયા અથવા મિલકતનો ત્રીજો ભાગ માંગ્યો હોય કોર્ટ મારફતે છૂટાછેડા લેવાનું નક્કી કરાયું હતું.

જો કે કિરણે કોર્ટ મારફતે છૂટાછેડા લેવાનો ઈનકાર કરી બે મહિના પહેલાં ઘરે ધસી આવી ઝઘડો કર્યો હતો અને ૫૦,૦૦૦ રૂપિયા લઈ ગઈ હતી. ગત ૮ જાન્યુઆરીએ ફરી કિરણ તેનું સ્કૂટર લઈને ઘેર આવી હતી અને એક કરોડ રૂપિયા આપી દો નહીંતર શારદાબેન અને સુનિલ બન્નેને મારી નાખીશ કહીને ઘર ઉપર પથ્થરના ઘા કરી ગાળાગાળી કરીને ચાલી ગઈ હતી. એકંદરે કિરણ વારંવાર હેરાન-પરેશાન કરતી હોય તેના વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

# રાજકોટ ૨૨ વર્ષની યુવતી પર દુષ્કર્મ ગુજારનારને આજીવન કેદ

### બેંકનું ફોર્મ ભરવાના બહાને રૂમમાં લઈ જઈ ધમકી આપી આચર્યું હતું દુષ્કૃત્યઃ પીડિતાએ આઘાતમાં આવી આત્મહત્યાનો પ્રયાસ પણ કર્યો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા રોડ વિસ્તારમાં રહેતી ૨૨ વર્ષીય યુવતીને પડોશી શખસ બેંકનું ફોર્મ ભરવાના બહાને બોલાવી રૂમમાં ખેંચી લઈ જબરદસ્તી કરી મારી નાખવાની ધમકી આપી પોતાની હવસ સંતોષી હતી. આ ઘટના બાદ આઘાતમાં સરી પડેલી યુવતીએ ઝેરી દવા પી જિંદગી ટૂંકવાનો પ્રયાસ કર્યો હતો. કેસ ચાલવા પર આવતા ભોગ બનનારની જુબાની અને પુરાવાને ધ્યાને લઈને સેશન્સ જજ ટી.એસ.બ્રહ્મભટ્ટે આરોપીને તકસીરવાન ઠરાવી આજીવન સખત કેદની સજા અને ૫૦,૦૦૦નો દંડનો હુકમ કર્યો છે.

તારીખ ૧-૭-૨૦૨૩ના રોજ કુવાડવા રોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી એક ૨૨ વર્ષીય યુવતીએ ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આરોપી જીગર ઉર્ફે જીગો પરબતભાઈ ભાદરકાએ તેને બેંકનું ફોર્મ ભરવામાં મદદ કરવાના બહાને બોલાવી હતી. ત્યારબાદ આરોપીએ યુવતીનું બાવડું પકડી, બળજબરીપૂર્વક તેને પોતાના ઘરમાં લઈ જઈ જાનથી મારી નાખવાની ધમકી આપી તેના પર દુષ્કર્મ ગુજાર્યું હતું. આ ઘટના બાદ યુવતી માનસિક રીતે ભાંગી પડી હતી અને ભારે આઘાતમાં સરી પડી હતી. સમાજમાં બદનામી અને આઘાત સહન ન થતા તેણે આત્મહત્યા કરવા માટે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ગંભીર હાલતમાં તેને હોસ્પિટલ ખસેડવામાં આવી હતી જ્યાં એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સમક્ષ તેનું ડાઇંગ ડેકલેરેશન' લેવામાં આવ્યું હતું. આ નિવેદનમાં પણ યુવતીએ આરોપી દ્વારા કરવામાં આવેલા અત્યાચારની વિગતો જણાવી હતી. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી તેના સામે કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યું હતું. આ કેસમાં સરકારી વકીલ મુકેશ પીપળીયાએ પ્રોસીક્યુશન પક્ષે ધારદાર દલીલો કરી જણાવ્યું હતું કે, યુવતીએ કોર્ટમાં સોગંદ પર અડગ રહીને પોતાની સાથે

થયેલા અન્યાયની વિગતવાર જુબાની આપી હતી. ડોક્ટરની જુબાની, મેડિકલ સર્ટિફિકેટ અને એફ.એસ.એલ.ના રિપોર્ટ રજૂ કરાયા હતા. સીઆરપીસી કલમ ૧૬૪ મુજબનું નિવેદન અને હોસ્પિટલમાં લેવાયેલું ડાઇંગ ડેકલેરેશન મહત્વના પુરાવા સાબિત થયા હતા.જ્યારે કોઈ સ્ત્રી પોતાની મરજી વિરુદ્ધ બળાત્કાર થયાનું સોગંદ પર જાહેર કરે, ત્યારે તે પુરાવો અત્યંત ગંભીર અને ગ્રાહ્ય ગણવો જોઈએ. તમામ સાક્ષીઓની જુબાની અને દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને રાખી અદાલતે આરોપીને જીગર ઉર્ફે જીગો પરબતભાઈ ભાદરકાને આજીવન કેદની સજા ફટકારી હતી.

# મિત્રતામાં મદદ કરનારને આપેલો ૧૫ લાખનો ચેક રિટર્ન થતા શખ્સને દોઢ વર્ષની સજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં મિત્રતાના સંબંધોનો ગેરફાયદો ઉઠાવી હાથ ઉછીના લીધેલા ૧૫ લાખ પરત કરવા આપેલો રિટર્ન થતાં કોર્ટમાં ફરિયાદ નોંધાઈ હતી જે કેસમાં આદલતે આરોપી ભરતકુમાર ટપુભાઈ વાળાને દોઢ વર્ષની સજા તેમજ વળતર ચૂકવવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ, ફરિયાદી રજનીકાંત નટવરલાલ છાંટબાર અને આરોપી ભરતકુમાર વાળા વચ્ચે ગાઢ મિત્રતા હતી. વર્ષ ૨૦૧૧માં આરોપીને નાણાંની જરૂરિયાત ઊભી થતા તેમણે ફરિયાદી પાસેથી ૧૫,૦૦,૦૦૦ વગર વ્યાજે હાથ ઉછીના લીધા હતા. આ રકમ પરત કરવા માટે આરોપીએ આપેલા ત્રણ ચેકો બેલેન્સના અભાવે પરત ફર્યા હતા. ત્યારબાદ નવી પ્રોમીસરી નોટ કરી આપી આરોપીએ ૨૬/૦૩/૨૦૨૩ના રોજ બેંક ઓફ ઈન્ડિયાનો ૧૫ લાખનો નવો ચેક આપ્યો હતો. જોકે, આ ચેક પણ ''ઈન્સફીસીયન્ટ ફંડ્સ'ના શેરા સાથે પરત ફર્યો હતો. ફરિયાદીએ પોતાના એડવોકેટ મારફતે નોટિસ મોકલવા છતાં રકમ ન ચૂકવાતા



અર્જુન પટેલ

નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

બંને પક્ષોની દલીલો અને પુરાવાઓ ધ્યાને લઈ અદાલતે આરોપીને ભરતકુમાર વાળાએ દોઢ વર્ષની કેદ અને ૧૫ લાખ વળતર ચૂકવવા હુકમ કર્યો હતો. આ કેસમાં ફરિયાદી વતી એડવોકેટ અર્જુન એસ. પટેલ, મહેન એમ. ગોંડલીયા, રવિન એન. સોલંકી સહિતની ટીમ રોકાયેલ હતી.

# કટારીયા ચોકડી પાસે વોકિંગમાં નીકળેલા યુવાનનો અજાણ્યા વાહને જીવ લીધો

### અકસ્માત બાદ ૬ દિવસ મોત સામે ઝઝૂમ્યા બાદ આખરે આંખ મીચી જતાં પરિવારમાં શોક છવાઈ ગયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કટારીયા ચોકડી પાસે શનિવારે સાંજે વોકિંગ માટે નીકળેલા ૪૫ વર્ષીય યુવાનને અજાણ્યા વાહને જોરદાર ઠોકર મારતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. ખાનગી તેમજ સિવિલ હોસ્પિટલમાં ૬ દિવસ સુધી મોત સામે ઝઝૂમ્યા બાદ યુવાને આંખ મીચી જતાં પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે.

આ અંગેની વિગત મુજબ, કટારીયા ચોકડી પાસે આવેલા રંગોલી પાર્કમાં રહેતા ઘનશ્યામસિહ



રણજીતસિહ ચૌહાણ (ઉ.વ. ૪૫) ગત ૧૭મી જાન્યુઆરી, શનિવારના સાંજના સમયે હંમેશ મુજબ વોકિંગ કરવા માટે નીકળ્યા હતા. તેઓ ઘરથી થોડે જ દૂર પહોંચ્યા હતા ત્યાં પુરપાટ ઝડપે ધસી આવેલા એક અજાણ્યા વાહને તેમને જોરદાર ઠોકરે લીધા હતા. ટક્કર એટલી ભયાનક હતી કે ઘનશ્યામસિહ રોડ પર ફંગોળાયા હતા અને તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.યુવાનને પ્રથમ સારવાર અર્થે ખાનગી બાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે હોસ્પિટલમાં સારવાર દરમિયાન જ ઘનશ્યામસિહે દમ તોડી દીધો હતી.

વધુમાં મૃતક ઘનશ્યામસિંહ ચૌહાણ મોદી સ્કૂલ પાસે વાહનનું સર્વિસ સ્ટેશન ચલાવતા હતા અને બે ભાઈઓમાં મોટા હતા. આ બનાવ અંગે સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરતા પોલીસે પરિવારના નિવદેન આધારે અજાણ્યા શખસ સામે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

# કારખાનામાં કલરકામ કરતી વેળાએ ૧૨ ફૂટની ઊંચાઈએથી પટેકાતા શ્રમિકનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રીબડા નજીક નિર્માણાધીન કારખાનામાં કલરકામ દરમિયાન ૩૧ વર્ષીય શ્રમિક યુવક ૧૨ ફૂટની ઊંચાઈએથી લોખંડના ઘોડા પરથી પટકાતા માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.યુવકને તાકીદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં તબીબે મૃત જાહેર કર્યો હતો. રાજકોટના ગોવર્ધન ચોક, ખોડિયારનગર વિસ્તારમાં રહેતો અને મૂળ ઉત્તર પ્રદેશનો વતની બ્રિજેશ સુરેશચંદ્ર ગૌતમ (ઉં.વ. ૩૧) સવારે ૧૧ વાગ્યાના અરસામાં રીબડા પાસે નવા બનતા કારખાનામાં કલરકામ કરી રહ્યો હતો. આ સમયે અચાનક લોખંડના ઘોડા પરથી સંતુલન ગુમાવતા તે આશરે ૧૨ ફૂટની ઊંચાઈએથી



નીચે પટકાયો હતો. ગંભીર રીતે ઘવાયેલા બ્રિજેશને સારવાર અર્થે તુરંત જ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જોકે હોસ્પિટલ પહોંચે તે પૂર્વે જ તેનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું બનાવ અંગે જાણ થતાં શાપર પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. મૃતક યુવાન ૪ ભાઈ અને ૧ બહેનમાં વચેટ હતો. તેને સંતાનમાં એક દિકરી હતી માસૂમ બાળકીએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ઘેરો શોક છવાઈ ગયો હતો.

# સિવિલ હોસ્પિટલમાં આધેડનું શ્વાસની બીમારી સબબ મોત; તબીબી બેદરકારીનો આક્ષેપ

### ડોક્ટરે તત્કાલ સારવાર ન આપ્યાની ધારાસભ્ય સુધી ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દર્દીનું મોત નીપજ્યું હતું. જેમાં ડોક્ટરે તત્કાલ સારવાર ન આપ્યાનો આરોપ લાગ્યો હતો. જેમાં ફરિયાદ ધારાસભ્ય સુધી પહોંચી છે.

મળતી માહિતી અનુસાર, રાકેશકુમાર કાંતિલાલ સિંધવા (ઉંમર વર્ષ ૫૪, રહે.રાવલનગર શેરી નંબર ૫, રૈયા ટેલિફોન એક્સચેન્જ, રાજકોટ) આજે સવારે છ વાગ્યા આસપાસ પોતે ઘરે હતા ત્યારે શ્વાસ ચડી જતા બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવતા ઈમરજન્સી વિભાગ બાદ ટીબીસીડી વોર્ડમાં દાખલ કરાયા હતા. જેનું ચાલુ સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું. તેમના ભાઈ મુકેશભાઈએ આક્ષેપ કરતા જણાવ્યું કે, રાકેશભાઈ જૂનાગઢ મેડિકલ કોલેજમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા હતા. જૂનાગઢમાં જ રહેતા હતા. ૬ મહિનાથી તેમને કેન્સરની બીમારીનું નિદાન થતા સારવાર ચાલું હતી. ૩ મહિનાથી તેઓ મુકેશભાઈના ઘરે રાવલનગર શેરી નંબર ૫, રૈયા ટેલિફોન એક્સચેન્જ, રાજકોટ ખાતે રહેતા હતા અને અહીંથી તેમની સારવાર ચાલુ હતી.સવારે ૬ વાગ્યાં આસપાસ અચાનક રાકેશભાઈની તબિયત બગડતા તેમને ૧૦૮માં સિવિલ હોસ્પિટલ લાવ્યા હતા. ઈમરજન્સી વિભાગમાં ડોક્ટરે તપાસી કેસ કઢાવવાનું કહ્યું. કેસ કાઢતા દર્દીને ટ્રોમા સેન્ટરમાં ઉપરના માળે વોર્ડમાં દાખલ કરાયા. ઈમરજન્સી વિભાગમાં લાવ્યા ત્યાં સુધી રાકેશભાઈ બોલતા હતા. જોકે અહીં વોર્ડમાં તત્કાલ કોઈ જ સારવાર આપવામાં આવી નહીં. થોડા સમય બાદ શરીર ઠંડુ પડી ગયું. પછી ડોક્ટરને બોલાવતા દોડાદોડી થઈ પણ ત્યાં સુધીમાં રાકેશભાઈનું અવસાન થઈ ચૂક્યું હતું.

આવો બનાવ બનતા મામલો ઉગ્ર બન્યો હતો. દર્દીના પરિવારજનોએ દેકારો કરી મુકતા હોસ્પિટલનો સિક્યુરિટી સ્ટાફ દોડી ગયો હતો. આ પછી પરિવારે ડોક્ટરની બેદરકારી અંગે કોર્પોરેટર ડૉ.અલ્પેશભાઈ મોરજરીયાને જાણ કરાઈ હતી. તેઓએ ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહને જાણ કરી હતી. પછી હોસ્પિટલના તબીબી અધિકારીઓ પાસે મામલો પહોંચ્યો હતો.